અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ જૂન ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૧
વર્ષ : ૧૬
અંક : ૩૫૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ઝારખંડમાં ૫૦ હજાર મૃત લાભાર્થીઓના નામ રાશન કાર્ડમાંથી આખરે હટાવાયા

। (એજન્સી) ઝારખંડ, તા.૨૫ ।

દેશમાં મૃતકોના નામે રાશન લેવાના કૌભાંડનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કેન્દ્ર સરકારના આદેશ બાદ વિવિધ રાજ્યોમાં રાશનમાં નામો અંગે ચકાસણી થઈ રહી છે, જેમાં ઝારખંડમાં ૫૦ હજાર મૃત લાભાર્થીઓના નામ રાશન કાર્ડમાંથી હટાવાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાંથી બનાવટી રાશન કાર્ડની પુષ્ટી થયા બાદ ૨.૩૬ લાખ રાશન કાર્ડ રદ કરવામાં આવ્યા છે. તપાસમાં ખુલાસો થયો છે કે, ૨.૩૬ લાખ બનાવટી રાશનકાર્ડ ધારકો ઘણા વર્ષોથી રાશનનો લાભ લઈ રહ્યા છે. રાશન કાર્ડની તપાસમાં એવા લોકોના નામ પણ છે.

### ગુજરાત પેટાચૂંટણીમાં જીત ૨૦૨૭ની ચૂંટણીનો સંકેત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતની વિસાવદર બેઠક અને પંજાબની લુધિયાણા પશ્ચિમ બેઠક પર મળેલી જીતથી ઉત્સાહિત છે. આ સાથે પાર્ટીએ મિશન ૨૦૨૭ શરૂ કરી દીધું છે. ૨૦૨૭માં પંજાબ અને ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પેટાચૂંટણીના પરિણામો પર કહ્યું કે ગુજરાતમાં આ જીત ૨૦૨૭ની ચૂંટણીનો સંકેત છે. વિસાવદરથી જીતેલા ગોપાલ ઈટાલિયા અને લુધિયાણા પશ્ચિમથી જીતેલા સંજીવ અરોરા સાથે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કેજરીવાલે કહ્યું, ગુજરાતના લોકો વ્યથિત છે.

### અમદાવાદ પ્લેન ક્રેશ બાદ Air Indiaમાં મોટો બદલાવ કરાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

તાજેતરમાં અમદાવાદમાં એર ઈન્ડિયાનું એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેના પછી ટાટા ગ્રુપની એરલાઈન કંપની એર ઈન્ડિયામાં ફરી એકવાર મોટો ફેરફાર જોવા મળ્યો છે. અહેવાલો અનુસાર, ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને એર ઈન્ડિયાના દૈનિક સંચાલનની જવાબદારી પોતે સંભાળી છે. માહિતી અનુસાર, એર ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવામાં આવી છે કે હાલમાં કંપનીની કમાન એન. ચંદ્રશેખરનના હાથમાં રહેશે. સૂત્રો કહે છે કે ચંદ્રશેખરને એર ઈન્ડિયાના ટોચના મેનેજમેન્ટ સાથે પણ બેઠકો શરૂ કરી છે અને તમામ ઓપરેશનલ કાર્યોનું સીધું નિરીક્ષણ કરી રહ્યા છે.

# શુભાંશુ શુક્લાએ રચ્યો ઇતિહાસ, અંતરિક્ષ માટે રવાના થયું મિશન Axiom-4

## શુભાંશુ અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરાયેલા એક્સિઓમ-૪ મિશનનો ભાગ છે : આ ફ્લાઇંગનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।


૨૫ જૂન, ૨૦૨૫ ભારત માટે ખૂબ જ ખાસ અને ઐતિહાસિક દિવસ છે. કારણ કે ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ બપોરે ૧૨:૦૧ વાગ્યે અવકાશ તરફ ઉડાન ભરી છે. શુભાંશુ અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરાયેલા એક્સિઓમ-૪ મિશનનો ભાગ છે. આ ફ્લાઈંગનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેને શુભાંશુના માતા-પિતાએ પણ જોયું હતું.

આ દરમિયાન શુભાંશુની માતા ખૂબ જ ભાવુક દેખાતી હતી. તે વારંવાર આંસુ લૂછી રહી હતી. તેનો પુત્ર ઉડાન ભરતા જ તે તાળીઓ પાડતી જોવા મળી હતી.

જણાવી દઈએ કે, ૨૮ કલાકની મુસાફરી પછી, Axiom-4 મિશન ભારતીય સમય મુજબ ગુરુવારે સાંજે ૪:૩૦ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચવાની ધારણા છે. SpaceX નું Falcon-9 રોકેટ NASA ના કેનેડી સ્પેસ સેન્ટરથી બપોરે ૧૨:૦૧ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે ઉડાન ભરી હતી. ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ અવકાશયાત્રીઓએ Axiom-4 મિશન હેઠળ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ઉડાન ભરીને ઈતિહાસ રચ્યો છે.

આ દરમિયાન શુભાંશુ શુક્લાએ અવકાશયાનની અંદરથી પહેલો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે, "નમસ્તે, મારા પ્રિય દેશવાસીઓ, what a ride... ૪૧ વર્ષ પછી આપણે ફરીથી અવકાશમાં પહોંચ્યા છીએ. અને તે એક અદ્ભુત સવારી હતી. અત્યારે આપણે પૃથ્વીની આસપાસ ૭.૫ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે ફરતા હોઈએ છીએ. મારા ખભા પર મારો ત્રિરંગો છે, જે મને કહી રહ્યો છે કે, હું એકલો નથી, હું તમારા બધા સાથે છું."

## મારા ખભા પર મારો તિરંગો, જય હિંદ, જય ભારત



ભારતના શુભાંશુ શુક્લાએ કેનેડી સ્પેસ સેન્ટરથી એક્સિઓમ-૪ મિશન માટે ત્રણ અન્ય અવકાશયાત્રીઓ સાથે ઉડાન ભરી છે. આ મિશનનું સંચાલન ભારતના શુભાંશુ શુક્લા કરી રહ્યા છે. તેમણે અવકાશમાં પહોંચતાની સાથે જ દેશ માટે પહેલો સંદેશ મોકલ્યો હતો. શુભાંશુએ કહ્યું કે મારા ખભા પર મારો ત્રિરંગો છે. આખો દેશ મારી સાથે છે. અવકાશ મિશન પર જતા પહેલા તેમણે બધાનો આભાર માન્યો હતો. અમેરિકાના ફ્લોરિડા સ્થિત નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી શરૂ થયેલા મિશનમાં ક્રૂ કંપનીના ફાલ્કન ૯ રોકેટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બધા અવકાશયાત્રીઓ નવા સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાનમાં સવાર છે. અવકાશમાં પહોંચ્યા પછી શુભાંશુએ દેશ માટે પહેલો સંદેશ મોકલ્યો હતો. ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાએ કહ્યું હતું કે, "નમસ્કાર, મારા પ્રિય દેશવાસીઓ! આપણે ૪૧ વર્ષ પછી ફરી અવકાશમાં પહોંચ્યા છીએ. આ એક અદભૂત યાત્રા છે. આપણે પૃથ્વીની પરિક્રમા ૭.૫ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે કરી રહ્યા છીએ. મારા ખભા પરનો મારો ત્રિરંગો મને કહે છે કે હું તમારી બધાની સાથે છું. મારી આ યાત્રા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) ની શરૂઆત નથી, આ ભારતના માનવ અવકાશ કાર્યક્રમની શરૂઆત છે. હું ઈચ્છું છું કે તમે બધા આ યાત્રાનો ભાગ બનો. તમારી છાતી પણ ગર્વથી ફૂલી જાય. ચાલો આપણે બધા સાથે મળીને ભારતના માનવ અવકાશ કાર્યક્રમની શરૂઆત કરીએ.

### ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચી શુભાંશુ શુક્લા કરશે આ ૭ પ્રયોગ

ભારત ફરી એકવાર અંતરિક્ષ ક્ષેત્રે ઈતિહાસ રચવાની તૈયારીમાં છે. ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ અંતરિક્ષયાત્રી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માટે રવાના થઈ ગયા છે. અહીં પહોંચ્યા બાદ તે સ્ટેશનની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય બની જશે અને રાકેશ શર્માના ૧૯૮૪ના મિશન બાદ અંતરિક્ષમાં જનારા બીજા ભારતીય બની જશે. શુભાંશુ શુક્લા નાસા અને ઈસરોના સંયુક્ત મિશન Axiom-4માં એક પાઈલટ તરીકે ફરજ બજાવી રહ્યા છે. આ સમગ્ર મિશનનું નેતૃત્વ કમાન્ડર પૈગી વ્હિટસન કરી રહ્યા છે. આ ઉપરાંત હંગેરીના અંતરિક્ષ યાત્રી ટિબોર કપુ અને પોલેન્ડના સ્લાવોજ ઉજ્નાન્સ્કી-વિસ્નિવસ્કી પણ આ મિશનમાં સામેલ છે. Axiom-4 બુધવારે ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરના કોમ્પ્લેક્સ 39Aથી રવાના થયું હતું. ૨૮ કલાકની મુસાફરી બાદ આ અંતરિક્ષયાન ગુરુવારે સાંજે ૦૪:૩૦ વાગ્યે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પહોંચવાની આશા છે. નોંધનીય છે કે, જો આ મિશન સફળતાપૂર્વક પાર પડશે તો ઈતિહાસમાં પહેલીવાર કોઈ ભારતીય ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પગ મૂકશે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચી શુભાંશુ શુક્લા આ ૭ પ્રયોગ કરશે. ૧. ૬ પ્રકારના પાકના બીજનું પરીક્ષણ : શુભાંશુ ૬ પ્રકારના પાકને ISS પર પોતાની સાથે લઈ ગયા છે. તેમની ૧૪ દિવસની યાત્રા દરમિયાન, તેઓ સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણમાં આ બીજના વિકાસની સંશોધન કરશે. આ પ્રયોગનો હેતુ ભવિષ્યમાં અંતરિક્ષમાં ખેતી માટે વિકલ્પો શોધવાનો રહેશે. ૨. શેવાળના ઉપયોગ પર પ્રયોગ : શુભાંશુ તેમના મિશન માટે સૂક્ષ્મ શેવાળ (Microalgae)ના ત્રણ પ્રકાર લઈ ગયા છે. તેઓ તેનો ઉપયોગ ખોરાક, બળતણ અને ઓછા ગુરુત્વાકર્ષણ વચ્ચે લાંબા ગાળાના અંતરિક્ષ મિશન દરમિયાન જીવન બચાવવા માટે એક વિકલ્પ તરીકે કરશે. ૩. મુશ્કેલ પરિસ્થિતિઓમાં અવશેષોની સલામતી પર પ્રયોગ : Axiom-4 મિશનમાં, શુભાંશુ ટાર્ડિગ્રેડ્સ પર સંશોધન કરશે. ટાર્ડિગ્રેડ્સએ એક પ્રકારનો નાનો જીવ છે, જે ભારે પરિસ્થિતિઓમાં પણ પોતાને સામાન્ય રાખી શકે છે. આ સંશોધન દ્વારા, અંતરિક્ષના ખતરનાક વાતાવરણમાં કયા બેક્ટેરિયા સુરક્ષિત રહી શકે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવશે.

જણાવી દઈએ કે, ઘણીવાર મુલતવી રાખ્યા પછી, Axiom-4 મિશનનો સમય બપોરે ૧૨:૦૧ વાગ્યે નક્કી કરવામાં આવ્યો હતો અને અમેરિકાની ખાનગી એરોસ્પેસ અને અવકાશ પરિવહન સેવા કંપની SpaceX એ જાહેરાત કરી છે કે, હવામાન ઉડાન માટે ૯૦ ટકા અનુકૂળ હતું. લખનઉંમાં જન્મેલા શુક્લા, ભૂતપૂર્વ મિશન કમાન્ડર પેગી વ્હિટસન, યુએસ સ્પેસ એજન્સી NASA (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન) ના અવકાશયાત્રી, હંગેરિયન અવકાશયાત્રી ટિબોર કાપુ અને પોલેન્ડના સ્લાવોજ ઉજ્નાન્સ્કી-વિસ્નીવસ્કી આ મિશનનો ભાગ છે. સ્પેસએક્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "બુધવારે એક્સિઓમ સ્પેસના AX-4 મિશનને સ્પેસ સ્ટેશન પર લોન્ચ કરવા માટે બધી સિસ્ટમો યોગ્ય લાગે છે અને હવામાન ઉડાન માટે ૯૦ ટકા અનુકૂળ છે."

નાસાએ કહ્યું હતું કે, નાસા, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સે હવે ચોથા ખાનગી અવકાશયાત્રી મિશન એક્સિઓમ મિશન ૪ ને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર લોન્ચ કરવા માટે બુધવાર, ૨૫ જૂનના રોજ બપોરે ૧૨.૦૧ વાગ્યે (ભારતીય સમય) લક્ષ્ય રાખ્યું છે. એક્સિઓમ-૪ કોમર્શિયલ મિશનનું નેતૃત્વ કમાન્ડર પેગી વ્હિટસન કરી રહ્યા છે, જેમાં શુક્લા મિશન પાઈલટ તરીકે અને હંગેરિયન અવકાશયાત્રી ટિબોર કાપુ અને પોલેન્ડના સ્લેવોજ ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી મિશન નિષ્ણાતો તરીકે છે.

નદી બની ગાંડીતૂર, એલર્ટ જાહેર

## હિમાચલના કુલ્લુમાં આભ ફાટ્યું, વૃક્ષો ધરાશાયી થયા

। (એજન્સી) કુલ્લુ, તા.૨૫ ।



હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાની સૈંજ ખીણમાં આભ ફાટ્યું છે. ધોધમાર વરસાદના કારણે આસપાસના વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સ્થાનિક પ્રશાસનના જણાવ્યા અનુસાર, પાર્વતી નદી ગાંડીતૂર બની છે. જો કે, અત્યારસુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. ભારે વરસાદના કારણે ૨૦થી ૨૫ વાહનોને નુકસાન થયું છે. જનજીવન ખોરવાયું છે. અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા છે. નિર્મંદના એસડીએમ મનમોહન સિંહે જણાવ્યું હતું કે, અનારાધાર વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. જો કે, હજી સુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. ઝાક્રીમાં હિન્દુસ્તાન- તિબેટ રોડ (નેશનલ હાઈવે ૫) પર ભૂસ્ખલનની ઘટના પણ બની છે. સતલુજ નદીની જળ સપાટી વધી છે. જેમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં પૂર અને ભૂસ્ખલનના કારણે વાહનોને ભારે નુકસાન થયું છે. અમુક સ્થાનિકોએ આભ ફાટ્યું હોવાનું નિવેદન આપ્યું છે.

૧૬ નાગરિકોના મોત, ૧૦૦ ઘાયલ

## ઈઝરાયલ-ઈરાન શાંત થયા ત્યાં રશિયાનો યુક્રેન પર મોટો હુમલો

। (એજન્સી) મોસ્કો, તા.૨૫ ।



યુક્રેનમાં રશિયાએ ડ્રોન, મિસાઈલ અને તોપથી કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થયા છે અને ૧૦૦ લોકો ઘાયલ થયા છે તેમ યુક્રેનના અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે હજુ તો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ થયું જ છે ત્યાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ વકરવા લાગી છે.

બીજી તરફ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ પશ્ચિમી દેશો પાસે સૈન્ય મદદની માંગ કરી છે. તે નેધરલેન્ડના હેગ શહેરમાં નાટો શિખર સંમેલનમાં ભાગ લઈ રહેલા નેતાઓને મળશે. તેમનો ઉદ્દેશ યુક્રેનની સુરક્ષા માટે ભવિષ્યની સહાયતા સુનિશ્ચિત કરવાનો છે.

મંગળવાર બપોરે રશિયાએ યુક્રેનના ડનિપ્રો શહેર પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હતો. જેમાં સાત નાગરિકોનાં મોત થયા હતાં અને ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતાં. ડનિપોની પાસે આવેલા સમર શહેરમાં કરવામાં આવેલા હુમલામાં બે લોકોનાં મોત થયા હતાં અને ૯ લોકો ઘાયલ થયા હતાં.

ડનિપોના મેયર બોરિસ ફિલાટોવે જણાવ્યું હતું કે આ હુમલામાં ૧૯ સ્કૂલ, ૧૦ કિંડરગાર્ડન, એક સંગીત વિદ્યાલય, એક સામાજિક સેવા કાર્યાલય અને આઠ મેડિકલ સેન્ટરને નુકસાન થયું છે. ચોથા વર્ષમાં પ્રવેશેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં અનેક નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા છે. યુનાઈટેડ નેશન્સના જણાવ્યા અનુસાર યુદ્ધમાં ૧૨૦૦૦ યુક્રેનિયન નાગરિકોનાં મોત થયા છે.

૪ મૃતદેહ બળી ગયેલી હાલતમાં મળ્યાં

## દિલ્હીમાં રિઠાલા મેટ્રો સ્ટેશન નજીક ફેક્ટરીમાં ભીષણ આગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



દિલ્હીના રિઠાલા મેટ્રો સ્ટેશન નજીક ગઈકાલે મંગળવારે મોડી સાંજે એક પ્લાસ્ટિક અને કપડાંની પ્રિન્ટિંગ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં ચાર લોકોના મોત થયા હતાં. ફાયર બ્રિગેડે આગ પર કાબૂ તો મેળવી લીધો હતો. પરંતુ તેઓને ફેક્ટરીની અંદરથી ચાર બળી ગયેલા શબ મળી આવ્યા હતાં. મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. ફેક્ટરીમાં ભીષણ આગ લાગતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ અંગે માહિતી આપતાં ફાયર બ્રિગેડના કર્મચારીએ જણાવ્યું હતું કે, મંગળવારે સાંજે રિઠાલા મેટ્રો સ્ટેશન નજીક આવેલી એક ફેક્ટરીમાં આગ લાગી હતી. જેના પર કાબૂ મેળવી લેવાયો હતો. અમને ફેક્ટરીમાંથી ચાર બળી ગયેલી હાલતમાં મૃતદેહો મળી આવ્યા હતાં. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીએ જણાવ્યા પ્રમાણે, મંગળવારે સાંજે ૭.૨૫ વાગ્યે ફેક્ટરીમાં આગ લાગી હતી.

મેરઠની હચમચાવતી ઘટના

## ફુગ્ગા વેચીને ગુજરાન ચલાવતી મહિલાની પુત્રીનું કાર નીચે કચડાતાં મોત

। (એજન્સી) મેરઠ, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના મેરઠમાં મંગળવારે રાત્રે એક હચમચાવતી ઘટના ઘટી હતી. નૌચંડી મેળામાં ફુગ્ગા વેચવા આવેલા રાજસ્થાનના એક પરિવારની માસૂમ બાળકીને કારે ટક્કર મારીને કચડી નાખી. આ બાળકી રસ્તા કિનારે રમી રહી હતી. આ દુર્ઘટનામાં બાળકીનું મોત થઈ ગયું છે. ઘટના બાદ પોલીસે કાર ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ લીધો છે. આ સમગ્ર મામલો મેરઠના નૌચંડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા નૌચંડી મેળાના ગેટનો છે, જ્યાં રાજસ્થાનના રહેવાસી જયવીર ૨૬ મેના રોજ પોતાની વૃદ્ધ માતા કરણી દેવી, પત્ની સવિતા અને બાળકો સાથે આવ્યો હતો. પરિવાર ફુગ્ગા અને રમકડાં વેચીને ગુજરાન ચલાવે છે. મંગળવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યે, જયવીરની ૨ વર્ષની પુત્રી કાજલ તેની દાદી સાથે એક શોરૂમ પાસે રસ્તાના કિનારે રમી રહી હતી. આ દરમિયાન એક ઈકો સ્પોર્ટ કારે આ બાળકીને ટક્કર મારી દીધી. ટક્કર માર્યા બાદ કાર ડ્રાઈવર કાર છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો. ઘાયલ બાળકીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી. આ અકસ્માત બાદ પીડિત પરિવારમાં માતમ છવાઈ ગયો છે. બાળકીના મૃત્યુ બાદ પરિવારજનોએ હોબાળો મચાવતા પોલીસ એક્શનમાં આવી.

WTC સાઇકલમાં ઇંગ્લેન્ડ ટોપ પર પહોંચ્યું

## શ્રીલંકા અને બાંગ્લાદેશ કરતા પણ નીચે ટીમ ઇન્ડિયા પહોંચી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ઈંગ્લેન્ડે મંગળવારે (૨૪જૂન) ભારતને હરાવીને પાંચ મેચની ટેસ્ટ સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. ઈંગ્લેન્ડે લીડ્સમાં ૩૭૧ રનનો ટાર્ગેટ ૫ વિકેટના નુકસાને ચેજ કર લીધો હતો. ઓપનર બેન ડકેટે ૧૪૯ અને જેક ક્રોલીએ ૬૫ રન બનાવીને ટીમ ઈન્ડિયાને બેકફૂટ પર ધકેલી દીધી. આ બંને બાદ જ રૂટે અણનમ ૫૩ રનની ઈનિંગ રમીને ટીમને જીત અપાવી. ભારતની છેલ્લી ૯ ટેસ્ટમાં આ સાતમી હાર છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની (WTC) સાઈકલમાં ભારત અને ઈંગ્લેન્ડની આ પહેલી ટેસ્ટ મેચ હતી. આ હારથી ટીમ ઈન્ડિયા ચોથા નંબરે પહોંચી ગઈ છે. ઈંગ્લેન્ડ પહેલા નંબરે છે. જ્યારે બાંગ્લાદેશ અને શ્રીલંકાની ટીમ ભારતીય ટીમ કરતા પણ આગળ છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ સાઈકલમાં અત્યાર સુધીમાં બે ટેસ્ટ મેચ રમાઈ છે. ભારત પર ઈંગ્લેન્ડની જીત પહેલા બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે રમાયેલી મેચ ડ્રો થઈ હતી. ઈંગ્લેન્ડના ૧૨ પોઈન્ટ અને જીતની ટકાવારી ૧૦૦ છે. બાંગ્લાદેશ 33.33 PCT સાથે બીજા નંબરે છે. શ્રીલંકા 33.33 PCT સાથે ત્રીજા નંબરે છે.

૩ને ફાંસી, ૭૦૦ની ધરપકડ કરવામાં આવી

## ઈરાનમાં ઇઝરાયલના જાસૂસો સામે આક્રમક કાર્યવાહી કરાઈ

। (એજન્સી) તહેરાન, તા.૨૫ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ભલે સીઝફાયર થયું હોય પણ તણાવ ઓછો થયો નથી. ઈરાને આજે સવારે ત્રણ લોકોને ઈઝરાયલ માટે જાસૂસી કરવા અને હત્યાનું ષડયંત્ર રચવાના આરોપ માં ફાંસીની સજા ફટકારી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈદરીસ અલી, આઝાદ શોજાઈ અને રસૂલ અહમદ રસૂલને હત્યાના ષડયંત્રમાં જરૂરી હથિયારો ઈરાનમાં લાવવાનો પ્રયાસ કરવા બદલ સજા ફટકારવામાં આવી છે. આ મામલે તેમની વિરુદ્ધ કેસ થયો હતો. આજે સવારે ઉરમિયા શહેરમાં તેમને ફાંસીની સજા આપ વામાં આવી હતી.

ઈરાનના ઉત્તર-પશ્ચિમ શહેર ઉરમિયાની જેલમાંથી ત્રણેય આરોપીની તસવીરો જાહેર કરવામાં આવી હતી. આ શહેર તુર્કિયેની સરહદ નજીક છે. ઈરાન અવારનવાર ઈઝરાયલ અને અન્ય વિદેશી ગુપ્તચર એજન્સીઓ માટે જાસૂસી કરવાની શંકામાં લોકોની ધરપકડ કરી ફાંસીની સજા ફટકારે છે. ઈરાને છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં ઈઝરાયલ સાથે સંબંધ હોવાના આરોપમાં આશરે ૭૦૦ લોકોની ધરપકડ કરી છે. આ માહિતી ઈરાનની સ્થાનિક મીડિયા એજન્સીએ આપી હતી. આ તમામ પર ઈઝરાયલની ઈન્ટેલિજન્સ એજન્સી મોસાદ સાથે સંબંધ, ગુપ્ત જાણકારી આપવા બદલ, સૈન્ય મથકોને નિશાન બનાવવામાં મદદ કરવાનો આરોપ મૂકાયો છે. તમામની પૂછપરછ થઈ રહી છે. તેમને પણ ફાંસીની સજા ફટકારવામાં આવી શકે છે.

## જામનગરની જીવાદોરી રણજીતસાગર ડેમ ઓવરફ્લો થતાં ખુશીનો માહોલ

। (એજન્સી) જામનગર, તા.૨૫ ।

જામનગર શહેર અને જિલ્લામાં મેઘરાજાનો બીજો રાઉન્ડ શરુ થયો છે. જોડિયા, કાલાવડ અને જામજોધપુર જેવા તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે, જ્યારે જામનગરના ગ્રામ્ય વિસ્તારોમાં બે ડેમ છલકાયા છે. ત્યાર જામનગરની જીવાદોરી સમાન રણજીતસાગર ડેમ ઓવરફ્લો થયો છે. જેના કારણે શહેર વાસીઓ માટે આગામી એક વર્ષની પીવાના પાણીની સમસ્યા દૂર થઈ છે. જામનગર શહેર અને જિલ્લામાં મેઘરાજાએ ૨૪ કલાકમાં જ ચિત્ર ફેરવી નાખ્યું છે. મોસમના પ્રથમ વરસાદમાં જ ૨૫માંથી ૨૩ જળાશયોમાં નવા નીરની આવક થઈ છે અને એક ફૂટથી ચાર ફૂટ સુધીનું નવું પાણી આવ્યું છે. ખાસ કરીને જામનગર શહેરને પાણી પૂરું પાડતો રણજીતસાગર ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. હાલ તેમાં પાણીની આવક થઈ રહી છે. ઉપરાંત વાગડિયા ડેમ પણ ઓવરફ્લો થયો છે. અન્ય પાંચ જળાશયો જેમાં સપડા, વિજરખી, ફુલજર-૨, રૂપાવટી, અને કોટડાબાવીસી જે ડેમો ૭૦થી ૮૦ ટકા ભરાઈ ગયા છે અને ઓવરફ્લો થવાની તૈયારીમાં છે. જેને લઈને ઈરીગેશન વિભાગ દ્વારા પાંચેય ડેમના નીચાણવાળા વિસ્તારના નાગરિકોને સલામત સ્થળે રહેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. રણજીતસાગર ડેમ ઓવરફ્લો થતાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સંભાવનાને ધ્યાને રાખીને સ્થાનિક વહીવટી તંત્રે ઍલર્ટ જાહેર કર્યું છે. આ વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા અને આવશ્યક સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

### અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આકારણીને લઈને નવી એપ્લિકેશન તૈયાર કરી

# નાગરિકો એપ પર મિલકતની વિગતો મૂકીને જાતે જ આકારણી કરી શકશે

### મિલકતની તમામ વિગતો અપલોડ કર્યા બાદ એપ આપોઆપ અંદાજિત ટેક્સ બિલ તૈયાર કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આકારણીને લઈને નવી એપ્લિકેશન તૈયાર કરી છે. જેની મદદથી નાગરિકો પોતે જ તેમાં સંપૂર્ણ વિગતો અપલોડ કરી શકશે. સામાન્ય રીતે શહેરમાં ચાર વર્ષે આકારણી થતી હોય છે અને આ દરમિયાન બનેલા મકાનોની આકારણીને લઈને પ્રશ્નો ઊભા થતા હોય છે.

આવા મકાનો માટે તંત્રને વારંવાર જાણ કરવા છતાં આકારણી થતી ન હોવાની ફરિયાદો ઊઠતી હતી. જેથી હવે નાગરિકો પોતાની રીતે જ બધી વિગતો ઓનલાઈન અપલોડ કરશે અને તેના આધારે અંદાજીત ટેક્સ બિલ તૈયાર



થશે. ત્યારબાદ સાત દિવસમાં જ મ્યુનિ. કોર્પોરેશનના કર્મચારી ઘરે આવીને તમામ દસ્તાવેજોની ચકાસણી તથા માપણી કરશે. જેના આધારે ચોક્કસ રકમ સાથેનું ટેક્સ બિલ મકાનમાલિકને મળતું થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા દર ચાર વર્ષે મકાનોની આકારણી કરવામાં આવતી હોય છે. જેના આધારે મકાનોના ટેક્સ બિલ તૈયાર કરવામાં આવે છે.

જોકે, બે આકારણી વચ્ચેના સમયગાળા દરમિયાન મકાનો તૈયાર થયા હોય તો તેની આકારણીને લઈને તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવતી હોવા છતાં કાર્યવાહી થતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેથી કોર્પોરેશન દ્વારા આ સમસ્યાના કાયમી સમાધાન માટે એક ખાસ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે અને તેની મદદથી આવા મકાનોની સેલ્ફ આકારણી થાય તે પ્રકારની વ્યવસ્થા કરી હોવાનું જાણવા મળે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે, જે નાગરીકો પોતાની મિલકતની સત્વરે માપણી કરાવવા માંગતા હોય તેમના માટે આ ખાસ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે.

આ એપ્લિકેશન પર જઈને નાગરિકો પોતાની રીતે જ ઓનલાઈન તમામ જરૂરી દસ્તાવેજો તેમજ મિલકતનો પ્રકાર અને મિલકતની માપણીની વિગતો અપલોડ કરશે. નાગરિક દ્વારા અપલોડ કરવામા આવેલી વિગતોના આધારે એપ્લિકેશન દ્વારા તરત જ અંદાજીત બિલ જનરેટ કરી દેવામાં આવશે. આમ, નાગરિકો દ્વારા જે ડોક્યુમેન્ટ આપવામાં આવશે તેના આધારે બિલ તૈયાર કરી દેવાશે.

### ૨૩,૮૮૪ સુરક્ષા કર્મીઓ ફરજ પર રહેશે

## જગન્નાથ રથયાત્રા સફળતાપૂર્વક પાર પાડવા પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રાની ૧૪૮મી કડી શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવાની પોલીસ તંત્રની સજ્જતાની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાય સહિત અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ ઉચ્ચસ્તરીય બેઠકમાં જોડાયા હતા. અમદાવાદ મહાનગરમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રાના ૧૬ કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ યાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી, વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા જે તૈયારીઓ કરવામાં આવી છે તેની વિગતો આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી. આ વર્ષે રથયાત્રામાં પહેલી વાર આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ A.I.નો શહેર પોલીસ તંત્ર દ્વારા ક્રાઉડ એલર્ટ અને ફાયર એલર્ટ માટે ઉપયોગ કરવામાં આવશે. છૈં..ના આ ઉપયોગના પરિણામે રથયાત્રા રૂટ પર કોઈ સ્થળે વધુ પડતા લોકો એકઠા થઈ ગયા હોય તો તેનું સરળતાએ વ્યવસ્થાપન થઈ શકશે તો ભીડને કાબુમાં રાખી શકાશે અને અનિચ્છનિય ઘટના બનતી નિવારી શકાશે.

### તંત્ર વિરૂદ્ધ રોષ વ્યક્ત કરાયો

## હળવદ નગરપાલિકા દ્વારા ડિમોલિશનની કામગીરી, ૨૫-૩૦ ઝુંપડા હટાવવામાં આવ્યા

### હળવદ નગરપાલિકા વિસ્તારમાં આવેલા સામંતસર તળાવમાં આશરે ૩૦ વર્ષથી ૩૦ જેટલા પરીવારો કાચા ઝુંપડા બાંધી વસવાટ કરે છે

। (એજન્સી) મોરબી, તા.૨૫ ।

હળવદ નગરપાલિકા તંત્રને ફરી વરસાદી વાતાવરણમાં ડિમોલિશનનું શૂરાતન ચઢ્યું છે અને ૨૫ જેટલા કાચાં પાકાં ઝુંપડાઓ હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેને લઈને લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો.

હળવદ નગરપાલિકા વિસ્તારમાં આવેલા સામંતસર તળાવમાં આશરે ૩૦ વર્ષથી ૩૦ જેટલા પરીવારો કાચા ઝુંપડા બાંધી વસવાટ કરે છે. આ ઝુંપડાઓને હવે હટાવવાની કામગીરી કરવામાં આવી છે. આ ઝુંપડા હટાવવા માટે તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી હતી, પરંતુ ઝુંપડા નહીં હટાવવામાં આવતા આજે તંત્ર દ્વારા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

હળવદના સામંતસર તળાવ પાસે રહેતા પરીવારો શ્રમિક છે અને કાધાના વ્યવસાય સાથે જોડાયેલા છે અને હાલમાં ચોમાસું બેસી ગયું છે અને ત્યારે જ ડિમોલિશન શરૂ કર્યું છે અને તંત્ર દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં નહીં આવતા હવે આ તમામ પરિવારજનો જાયે તો જાયે ક્યાં જેવી સ્થિતિ ઉદ્ભવી છે. ત્યારે લોકો દ્વારા ભારોભાર રોષ તંત્ર વિરૂદ્ધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએકે અગાઉ ૧૫ જૂને જામનગરના બચુનગરમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. બચુનગરમાં ધાર્મિક સ્થળના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ૧૧,૦૦૦ ચોરસ ફૂટથી વધુ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. ધાર્મિકની સાથે અન્ય દબાણો પણ દૂર કરવામાં આવ્યા હતા. ધાર્મિક સ્થળમાં લક્ઝુરિયસ સુવિધાઓ ઉભી કરાઈ હતી. દબાણ કરનાર મૂંઝાવરને શોધવા પોલીસે તપાસ હાથ ધરી છે. આ મેગા ડિમોલિશનનો ડ્રોન વીડિયો પણ સામે આવ્યા હતા.

### લખતરના લીલાપુર ગામે મીની ટ્રેક્ટર નદીમાં ખાબક્યું

। સુરેન્દ્રનગર, તા.૨૫ ।

સુરેન્દ્રનગરના લખતર તાલુકામાં રોડ અકસ્માતના બનાવો દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે લખતર તાલુકાના લીલાપુર અને કારેલા ગામ વચ્ચે પસાર થતી ઉમય નદીના કોઝવે ઉપર સવાર ખેડૂત મીની ટ્રેક્ટર લઈ ખેતી કરવા જઈ રહ્યો હતો, ત્યારે નદીના કોઝવે ઉપર ખેડૂત ટ્રેક્ટર લઈ પહોંચ્યો હતો, તે સમયે ટ્રેક્ટરના આગળના ટાયરનો ગુટકો તૂટી જતા ટ્રેક્ટરના ડ્રાઈવરે સ્ટેયરિંગ ઉપરથી કાબુ ગુમાવ્યો હતો અને ઉમય નદીના કોઝવે ઉપરથી નદીની અંદર ટ્રેક્ટર ખાબક્યું હતું. ટ્રેક્ટર નદીની અંદર પડી જવાની જાણ લીલાપુર ગામના ગ્રામજનોને થતાં તાત્કાલિક ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

## વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત 'શાળા પ્રવેશોત્સવ' તા. ૨૬ થી ૨૮ જૂન દરમિયાન યોજાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતિ આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમનું આયોજન આગામી તા. ૨૬ થી ૨૮ જૂન, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ સરકારી પ્રાથમિક, સરકારી અને અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ્સ અને રક્ષા શક્તિ સ્કૂલ્સમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તા. ૨૬ જૂનના રોજ મહીસાગર જિલ્લામાં, તા. ૨૭ જૂનના રોજ ગાંધીનગર અને તા. ૨૮ જૂનના રોજ કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં સિનિયર મંત્રીશ્રીઓ સહિત આશરે ૪૦૦ જેટલા ઉચ્ચ અધિકારીશ્રીઓ-પદાધિકારીશ્રીઓ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યમાં શાળા પ્રવેશોત્સવના સફળ અમલીકરણના પરિણામે શાળામાં નામાંકિત થયેલા વિદ્યાર્થીઓમાં ડ્રોપઆઉટ દર જે વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ-૧ થી ૫માં ૨૦.૫૦ ટકા અને ધોરણ-૧ થી ૮ માં ૩૭.૨૨ ટકા હતો તે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ક્રમશઃ ધોરણ-૧ થી ૫માં ૧.૦૭ ટકા અને ધોરણ-૧ થી ૮માં ૨.૪૨ ટકા જેટલો નીચો લાવી શકાયો છે. આમ, રાજયમાં પ્રવેશોત્સવ કાર્યક્રમના પરિણામે છેલ્લા બે દાયકામાં પ્રાથમિક શિક્ષણમાં નામાંકન દર વધારવા તથા ડ્રોપઆઉટ દર ઘટાડવા ક્ષેત્રે ખુબ સારી સફળતા મળી છે. તેવી જ રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ડ્રોપઆઉટ દર ઘટાડવા માટે આ વખતના પ્રવેશોત્સવમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

તેમણે ઉમેર્યુ કે, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન બળકોને આંગણવાડી, બાલવાટિકા તથા ગત વર્ષે બાલવાટિકામાં પ્રવેશ ન મેળવેલ બાળકોને ધોરણ-૧માં તેમજ ધોરણ-૯માં અને ધોરણ-૧૧માં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

## ખેડામાં નગરપાલિકાની મિલકત જપ્ત કરવામાં આવી

। (એજન્સી) ખેડા, તા.૨૫ ।

ખેડા નગરપાલિકાની મિલકત જપ્ત કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટરને નાણા ન ચૂકવતા કોર્ટે મિલકત જપ્ત કરવાનો આદેશ કર્યો હતો. ખેડા નગરપાલિકાનીનું વર્ષ ૨૦૧૫-૧૬ નું ૧ કરોડથી વધુનું બિલ ન ચૂકવતા કોર્ટ દ્વારા પાલિકાનો સંપૂર્ણ સામાન જપ્તનો આદેશ કરવામાં આવ્યો હતો. કોન્ટ્રાકટરે પાલિકાનો તમામ સામાન જપ્ત કર્યો છે. ખેડા નગરપાલિકા પાલિકાએ કોન્ટ્રાકટરને નાણાં નહિ ચૂકવતા કોર્ટે મિલકત જપ્તીના વોરંટ ઈસ્સુ કર્યા છે. એજન્સીએ ખેડા નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને ટેબલ અને ખુરશી વિહોણા કરી નાખ્યા છે. ખેડા નગર પાલિકામાં કોર્ટ દ્વારા ૪૪લાખ ઉપરાંતના બે કામના ૧ કરોડ થી વધુ ના લહેણાં માટે મિલક્ત જપ્તી વોરન્ટ આપ્યું છે.

વર્ષ ૧૦૧૫/૧૬ મા બ્રહ્માણી કંટ્રક્શન દ્વારા પાલિકામાં પ્રોટેક્શન વોલના કામો કર્યા હતા. જે નાણાં પાલિકાએ ચૂકવ્યા ન હતા અને ખેડા ડિસ્ટ્રીક્ટ કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટમાં પણ ખેડા પાલિકાને કોઈ રાહત મળી નથી. બ્રહ્માણી કંટ્રક્શન નામની એજેન્સી ૩૦ માણસોની ટીમ લઈ ખેડા પાલિકામાં પહોંચી ચીફ ઓફિસરની રૂમનો તમામ સામાન કોન્ટ્રાકટરે ખાલી કરી ગાડીઓમાં ભર્યો છે.

ખેડા નગરપાલિકાના લગભગ વાહનો અને તમામ ફર્નિચર લઈ જવાનો એજેન્સીનો નિર્ધાર છે. ખેડા નગર પાલિકાના કર્મચારીઓ ચીફ ઓફિસર સહીત પ્રમુખ ગાયબ થઈ ગયા છે. પાલિકામાં કોઈ કર્મચારી કંઈ પણ કહેવા તૈયાર નથી. કોન્ટ્રાકટરે ગામના વિકાસ કામ માટેનો પીળો પંજો ત્નઝ્રમ્ પણ ઉઠાવી લીધું છે. નગરપાલિકા ઓમાં ચાલતા લોલમલોલ વહીવટમાં એક કરોડ રૂપિયા ક્યાં ખર્ચાયાએ પણ મોટો સવાલ છે.

## આગામી અઠવાડિયે રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાહત નિયામક અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે સંબંધિત વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં IMDના અધિકારીએ રાજ્યમાં વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ વરસી રહ્યો છે. આગામી સપ્તાહમાં સમગ્ર રાજ્યમાં વિવિધ વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. આ સંદર્ભે સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા જણાવ્યું છે. એન.ડી.આર.એફ.ના અધિકારીએ જણાવ્યું હતુ કે, રાજયમાં ભારે વરસાદની કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે એન.ડી.આર.એફ. તથા એસ.ડી.આર.એફ.ની કુલ ૩૪ ટીમો જિલ્લા કક્ષાએ ડિપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત ૨ ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ બેઠકમાં સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ સ્ટોરેજની સ્થિતિ વિશે માહિતી આપી હતી. જે મુજબ રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૫ જળાશયો હાઈએલર્ટ, ૧૨ જળાશયો એલર્ટ પર તથા ૧૧ જળાશયો વોર્નિંગ પર છે. GSRTC અધિકારીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વરસાદની સ્થિતિને લઈને હાલમાં સુરત અને ભરૂચ જિલ્લામાં બસના રૂટ પ્રભાવિત હોવાથી વૈકલ્પિક રૂટ શરૂ કરવામાં આવ્યા છે. આ બેઠકમાં CWC-મહી અને તાપી ડિવીઝન, વન, આરોગ્ય, ઊર્જા, GSRTC, યુ.ડી.ડી, પંચાયત, પશુપાલન, ISRO, ફીશરીઝ, વિભાગના નોડલ અધિકારીઓ હાજર રહ્યાં હતા.

**વિશેષ** ૧૯૭૫ની કટોકટીમાં નાગરિકોના અને પ્રેસ-મીડિયાના હક્ક અને તેમની સ્વતંત્રતાને રાતોરાત આંચકી લેવામાં આવી હતી : મંત્રી જગદીશ વિશ્વકર્મા

# ૫૦ વર્ષ પહેલા દેશમાં લદાયેલી કટોકટી અને તેનાથી બંધારણ પર થયેલ અન્યાયને યાદ અપાવવા 'સંવિધાન હત્યા દિવસ'ની ઉજવણી

। (માહિતી) ગાંધીનગર ।

ભારતીય લોકશાહીનો કાળો અધ્યાય ગણાતી કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાગોર હોલ ખાતે સંવિધાન હત્યા દિવસ - ૨૦૨૫ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.







આ અવસરે મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે, ભારતના ઈતિહાસમાં આજના દિવસને ભારતીય લોકતંત્રનો કાળો અધ્યાય તરીકે ઓળખવામાં આવે છે. ઈતિહાસની તવારીખમાં વર્ષ ૧૯૭૫માં તત્કાલિન વડાપ્રધાન દ્વારા ૨૫મી જૂને દેશમાં કટોકટી લાદવામાં આવી હતી અને કોઈ પણ વ્યક્તિની અટકાયત કરી તેને જેલભેગા કરી દેવામાં આવતા હતા. નાગરિકોના અને પ્રેસ-મીડિયાના હક્ક અને તેમની સ્વતંત્રતાને રાતોરાત આંચકી લેવામાં આવી હતી. જેથી આપણે તે દિવસને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે પણ યાદ કરીએ છીએ. કારણ કે આ દિવસે માત્ર કટોકટી નહીં, પરંતુ આપણા બંધારણના હાર્દ સમા લોકશાહી, સ્વતંત્રતા અને મૌલિક મૂલ્યો પર કરવામાં આવેલો પ્રહાર હતો. એટલે વર્તમાન કેન્દ્ર સરકારે કટોકટીના આ કાળા દિવસને પ્રતિ વર્ષ ૨૫ જૂને 'સંવિધાન હત્યા દિવસ'તરીકે મનાવવાની જાહેરાત કરી છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, કટોકટીના સમયમાં લડત આપનારા, રાષ્ટ્ર માટે સમર્પિત અને જે લોકો તેમાં ભોગ બન્યા તે તમામને યાદ કરવા માટેનો આ દિવસ છે. કટોકટી લાગુ થવાથી દેશની અર્થવ્યવસ્થા પર વિપરીત અસર થઈ હતી. દેશમાં વર્ષ ૧૯૭૫માં સંવિધાનથી ઉપર જઈને રાજસત્તાધારીઓએ સંવિધાનની કલમ - ૩૫૨નો દૂર ઉપયોગ કરી નાગરિકો પર જોહૂકમી ચલાવી તેના વિશે દેશના નાગરિકોને માહિતગાર કરવા, કટોકટીના સમયમાં દેશમાં સર્જાયેલી પરિસ્થિતિથી વાકેફ કરવા અને સંવિધાન જ સર્વોપરિ છે, તેવું નાગરિકો સમજતા થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ કટોકટી દિવસ મનાવવાનું નક્કી થયું છે.

મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે, ૧૯૭૫ની કટોકટી માત્ર એક રાજકીય નિર્ણય નહોતો, પરંતુ તે ભારતનાં સંવિધાન અને લોકશાહીનાં મૂલ્યો પર સીધો પ્રહાર હતો. આપણા સંવિધાન પર પ્રહાર હતો. વિરોધ પક્ષના નેતાઓ પર જુલમો કરવામાં આવ્યાં હતાં. તેઓને કોઈ કારણ વગર જેલમાં મોકલી દેવામાં આવ્યાં હતાં. લોકશાહીનો અવાજ દબાવી, નાગરિકોના મૂળભૂત અધિકારો, જે આપણા સંવિધાનનું હૃદય છે તેને સ્થગિત કરી દેવાયા હતા. વધુમાં નાગરિકોની બળજબરીથી નસબંધી કરવામાં આવી હતી અને લોકો પર અમાનુષી અત્યાચારો ગુજારવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતેથી યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ સૌએ ઓનલાઈન માધ્યમથી નિહાળ્યું હતું અને મુખ્યમંત્રીશ્રીના વક્તવ્યને સાંભળ્યું હતું.

આ પ્રસંગે કટોકટીની વાસ્તવિકતા દર્શાવતી નાટિકા અને પ્રદર્શન પણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમ બાદ ટાગોર હોલ ખાતે સિગ્નેચર કેમ્પેઈનમાં મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા સહિત સૌએ ભાગ લઈ બોર્ડ પર સહી કરી હતી અને કટોકટીની સમયરેખા અંગેનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. આ કાર્યક્રમ પ્રારંભ પૂર્વે અમદાવાદ વિમાન દુર્ઘટના મૃતકોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી.

આ અવસરે અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી અમુલભાઈ ભટ્ટ, શ્રી દર્શનાબેન વાઘેલા શ્રી, કંચનબેન રાદડિયા, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ-પદાધિકારીઓ, વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### લગ્ન પછી મહિલાઓની 'પર્સનલ લાઇફ' સમાપ્ત નથી થતી: હાઈકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં એક મામલાની સુનાવણી દરમિયાન મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું કે લગ્ન પછી મહિલાઓની પર્સનલ લાઈફ ખતમ નથી નથી. મહિલાઓએ પાસપોર્ટ બનાવવા જેવા કામો માટે પતિની મંજૂર લેવી જરુરી હોવી જોઈએ નહીં. મહિલાની પાસે પોતાના પતિની મંજૂરી કે સાઇન વિના પાસપોર્ટ માટેની અરજી કરવાનો પૂરો અધિકાર છે. જસ્ટિસ એન આનંદ વેંકટેશે સુનાવણી દરમિયાન કહ્યું કે પાસપોર્ટ માટે અરજી કરવા પણ પતિની મંજૂરી લેવાની જરુરિયાત મહિલાઓની આઝાદીમાં અવરોધ છે અને આ પિતૃસત્તાક સમાજની નિશાની છે. કોર્ટે જે. રેવતી નામની મહિલાની અરજી પર સુનાવણી દરમિયાન ઉપરોક્ત ટિપ્પણી કરી છે. ચેન્નઇ સ્થિત ક્ષેત્રીય પાસપોર્ટ ઓફિસે રેવતીના પાસપોર્ટની અરજી એ આધાર પર સ્થગિત કરી હતી કે તેના પતિના અરજીપત્ર(ફોર્મ-જે) પર હસ્તાક્ષર હતા નહીં. રેવતીએ ૨૦૨૩માં મોહનકૃષ્ણન નામના વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા. બંને વચ્ચે વિવાદ થયા પછી પતિએ છૂટાછેડા માટે અરજી કરી હતી, જેના પર ચુકાદો પડતર હતો.આ દરમિયાન રેવતીએ પાસપોર્ટ માટે અરજી કરી, પરંતુ પાસપોર્ટ ઓફિસે પતિના હસ્તાક્ષર વિના તેની અરજીને મંજૂર કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યાર પછી રેવતીએ હાઈકોર્ટમાં ન્યાય માટે અરજી કરી હતી. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, લગ્ન પછી અરજદારની પોતાની ઓળખ છે અને પત્ની કોઈ પણ રૂપમાં પતિની મંજૂર કે હસ્તાક્ષર વિના પાસપોર્ટ માટે અરજી કરી શકે છે. પાસપોર્ટ માટે અરજી કરવા પતિ પાસેથી મંજૂરી લેવાની પ્રથા સમાજ માટે સારા સંકેત નથી. હાઈકોર્ટે પાસપોર્ટ અધિકારીઓને ચાર સપ્તાહમા પાસપોર્ટ ઈશ્યુ કરવાનો આદેશ આપ્યો છે.

### ઘસાયેલા ટાયરો વડે પ્લેન ટેકઓફ અને લેન્ડ કરાવતી એરલાઇન ઝડપાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હી, મુંબઈ સહિતના દેશના એરપોર્ટ પર એવિએશન રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા સુરક્ષાને લઈને સઘન તપાસ કરતી ઓડિટ હાથ ધરવામાં આવી હતી, આ ઓડિટમાં ઘણા જ ચોંકાવનારા ખુલાસા થયા છે. એક એરલાઈન મુસાફરોનો જીવ જોખમમાં મુકીને ઘસાયેલા ટાયરો સાથે ફ્લાઈટનું ટેક ઓફ કરાવી રહી હતી, જેને તાત્કાલિક રોકવામાં આવી હતી. આ સિવાય પણ અનેક ખામીઓ સામે આવી છે.૧૨મી જૂનના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ વિવિધ એરલાઈન્સના ઓડિટમાં આ ખામીઓ સામે આવી છે. ડીજીસીએએ કહ્યું હતું કે અમદાવાદની ઘટના બાદ ૧૯મી જૂનના રોજ દેશના તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને એવિએશન સેક્ટર સાથે જોડાયેલ તમામ સેવાઓની સ્પેશિયલ સેફ્ટી ઓડિટ કરવાના આદેશ આપ્યા હતા. જે બાદ દિલ્હી અને મુંબઈ સહિત અનેક એરપોર્ટ પર સવારે અને સાંજે તપાસ કરાઈ હતી. જેમાં આ ખામીઓ ઝડપાઈ છે. એરલાઈન્સ, એરપોર્ટના નામ જાહેર કર્યા વગર ડીજીએએ કહ્યું હતું કે તમામ પ્રકારની તપાસ કરાઈ હતી, કેટલાક એરપોર્ટ પર સામાન લઈ જવા માટેની ટ્રેલીઓ ઉપયોગ ના થઈ શકે તેવી હાલતમાં હતી, કેટલાક સોફ્ટવેર એરક્રાફ્ટના વર્ઝન મુજબ અપડેટ નહોતા કરાયા. એક એરલાઈન્સ ઘસાયેલા ટાયરોનો ઉપયોગ કરતી ઝડપાઈ હતી. જ્યારે મુસાફરોની સેફ્ટી માટેનું સુરક્ષા જેકેટ સીટોની નીચે યોગ્ય રીતે ફિટ નહોતુ કરાયું. એરક્રાફ્ટના વિંગલેટ પર બ્લેડને કાટથી બચાવવા માટે ઉપયોગી ટેપ ખરાબ નીકળી હતી. આવી અનેક ખામીઓ સામે આવ્યા બાદ ડીજીસીએએ એક રિપોર્ટ તૈયાર કર્યો છે. જે મુજબ જવાબદાર એરલાઈન્સ સામે કાર્યવાહી થઈ શકે છે.

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેન્શનમાં

# ઈરાન ૧૦ પરમાણુ બોમ્બ બનાવી શકે એટલું ૪૦૦ કિલો યુરોનિયમ ગુમ

## અમેરિકા ગમે ત્યારે હુમલો કરશે જ તેવું પાક્કું અનુમાન બાંધીને ઈરાને તેનાં યુરેનિયમનો જથ્થો કોઈ અજ્ઞાત-સ્થળે ફેરવી દીધો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુદ્ધ-વિરામ મંત્રણા થઈ, પડી ભાંગી અને આખરે યુદ્ધવિરામ થઈ ગયું ત્યારે ઈરાનનું ૪૦૦ કિલો જેટલું સમૃદ્ધ યુરેનિયમ ક્યાં છે તેની અમેરિકા કે ઈઝરાયલને કંઈ ખબર નથી. પરિણામે અમેરિકાની ચિંતા વધી ગઈ છે. કારણ કે આટલું યુરેનિયમ ૧૦ એટમ-બોમ્બ બનાવવા માટે પૂરતું છે. અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વાન્સે જણાવ્યું હતું કે, અમેરિકાએ રવિવારે વહેલી સવારે ઈરાનનાં ત્રણ પરમાણુ સંકુલો ફોર્ડો, નતાંઝ અને ઈસ્ફહાન ઉપર છ બંકર-બસ્ટર-બોમ્બ નાંખ્યા હતા. પરંતુ આ ત્રણે પરમાણુ સંકુલો માંથી ૬૦ ટકા સમૃદ્ધ યુરેનિયમ ગુમ થઈ ગયું છે. હવે, તેને ૯૦ ટકા સુધી શુદ્ધ કરવામાં થોડો જ સમય લાગે તેમ છે. જો તે સ્તરે યુરેનિયમ વિશુદ્ધ થઈ જાય તો તે ૧૦ એટમ-બોમ્બ બનાવવા માટે પૂરતું છે. એવું લાગે છે કે ઈરાન અમેરિકા સાથેની મંત્રણા સમયે, આ યુરેનિયમ એક પ્રબળ લિવરેજ (હથિયાર) તરીકે વાપરવા માગે છે. એવું પણ જાણવા મળ્યું છે કે, અમેરિકા ગમે ત્યારે હુમલો કરશે જ તેવું પાક્કું અનુમાન બાંધીને ઈરાને તેનાં યુરેનિયમનો જથ્થો કોઈ અજ્ઞાત-સ્થળે ફેરવી દીધો છે. ઈઝરાયલ પણ આ ગણતરીને પુષ્ટી આપે છે.અમેરિકા ઉપપ્રમુખ જે.ડી. વાન્સે સ્પષ્ટ કહ્યું હતું કે અમેરિકા ઈરાન સામે યુદ્ધે ચઢ્યું નથી. પરંતુ તે ઈરાનની પરમાણુ બોમ્બ બનાવવાની મહેચ્છાનો સખત વિરોધ કરે છે.

આ સાથે તેઓએ કહ્યું અમે ઈરાનના સત્તાધિશો સામે લડીએ છીએ, તેની જનતા સામે નહીં. અમેરિકા ગમે ત્યારે હુમલો કરશે જ તેવું પાક્કું અનુમાન બાંધીને ઈરાને તેનાં યુરેનિયમનો જથ્થો કોઈ અજ્ઞાત-સ્થળે ફેરવી દીધો છે અમે ઈરાનની પરમાણુ બોમ્બ બનાવવાની મહેચ્છા સામે લડીએ છીએ. સાથે તેમ પણ સ્વીકાર્યું કે ઈરાનના પરમાણુ સંકુલો સંપૂર્ણતઃ નાશ પામ્યાં નથી. પછી તેમણે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કેટલીક સંવેદનશીલ-બાબતો તેઓ જાહેર કરી શકે નહીં. સાથે વિશ્વાસ પૂર્વક કહ્યું કે ઈરાન પર કરાયેલા પ્રચંડ હુમાલાઓએ, ઈરાનના પરમાણુ કાર્યક્રમને પાછો ઠેલવી જ દીધો છે.

આ તબક્કે તો અમેરિકા તેટલું જ ઈચ્છે છે, જે ઈચ્છા પૂરી પણ થઈ છે.સેટેલાઈટ તસ્વીરોમાં તે સ્પષ્ટ દેખાયું છે કે ઈરાનનો મુખ્ય ન્યૂક્લિયર પ્લાંટ ફોર્ડો પર્વતની અંદર ઊંડે સુધી રચવામાં આવ્યો છે, તેની બહાર ૧૬ ટ્રક ઉભા હતા. આ પ્લાંટ પર્વતોમાં એટલે ઊંડે રચાયો છે કે, જ્યાં મિસાઈલ હુમલા થઈ ન શકે, તેથી અમેરિકાએ ઈરાનની ત્રણે ન્યૂક્લિયર ફેસિલિટી, ફોર્ડોસ, નાતત્ઝ અને ઈસ્ફરાનને ભારે નુકસાન થયું હોય તેમ સ્પષ્ટ દેખાયું હતુ. પેલા ટ્રક પણ ગૂમ થઈ ગયેલા જણાતા હતા.

### હવે વર્ષમાં બે વખત લેવાશે ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

જો તમે કે તમારા બાળકો ધોરણ ૧૦ની તૈયારી કરી રહ્યાં છે તો આ સમાચાર તમારા માટે જરૂરી છે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ ૨૦૨૬થી ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષામાં મોટો ફેરફાર કરવાની જાહેરાત કરી છે. હવે વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત પરીક્ષામાં બેસવાની તક મળશે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ પરથી દબાવ ઘટાડવાનો અને તેને સારૂ પ્રદર્શન કરવાની બીજી તક આપવાનો છે. CBSE પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે માહિતી આપી છે કે હવે ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે, પહેલો તબક્કો ફેબ્રુઆરીમાં અને બીજો મેમાં યોજાશે. પરંતુ તેમાં એક ખાસ વાત છે કે પ્રથમ પરીક્ષામાં બધા વિદ્યાર્થીઓએ ફરજીયાત સામેલ થવું પડશે. બીજી પરીક્ષા વૈકલ્પિક હશે. એટલે કે જો કોઈ વિદ્યાર્થી પોતાના પ્રથમ પ્રયાસમાં મળેલા માર્કસથી સંતુષ્ટ નથી તો તે બીજી પરીક્ષામાં બેસી શકે છે.

### પોલીસે આરોપી સામે હત્યાનો ગુનો દાખલ કર્યો

# દિલ્હીમાં યુવતીની પાંચમાં માળેથી ધક્કો મારીને હત્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



દિલ્હીના જ્યોતિ નગર વિસ્તાર માંથી એક રૂંવાડા ઉભા કરી દેનારી ઘટના સામે આવી છે. અહીં ૧૯ વર્ષની એક યુવતીની બાલ્કનીમાંથી નીચે ફેંકીને હત્યા કરવામાં આવી છે. વિધર્મી પ્રેમી બુરખો પહેરીને આવ્યો હતો અને યુવતી સાથે ઝઘડો કર્યા પછી તેણે તેને છત પરથી નીચે ફેંકી દીધી હતી. પોલીસે આરોપી તૌફિક સામે હત્યાનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના એક સૂત્રએ જણાવ્યું હતું કે, યુવતી અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હતો. યુવતીને ખબર પડી કે આરોપી બીજી છોકરી સાથે લગ્ન કરી રહ્યો છે ત્યારે તેમની વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી. પ્રેમી બુરખો પહેરીને બિલ્ડિંગના પાંચમા માળે આવેલા તેના ઘરે પહોંચ્યો હતો અને ઝઘડા બાદ તેણીને તેના ઘરની બાલ્કનીમાંથી ધક્કો માર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આરોપીની ઓળખ થઈ ગઈ છે અને ધરપકડ કરવામાં આવી છે. ૨૩ જૂને જ્યોતિ નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના પ્રયાસના કેસમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (હત્યા) ઉમેરવામાં આવી છે, કારણ કે પીડિતાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આરોપીને પકડવા માટે અનેક ટીમો બનાવવામાં આવી હતી. ઘટનાનો ક્રમ જાણવા અને ઘટના પહેલા અને પછી આરોપીઓની હિલચાલ પર નજર રાખવા માટે વિસ્તારના સીસીટીવી ફૂટેજ સ્કેન કરાયા હતા.

### વિન્ડીઝ વિમેન્સ ટીમે ૧૨ વર્ષ બાદ સાઉથ આફ્રિકા સામે સિરીઝ જીતી

। (એજન્સી) બ્રિજટાઉન, તા.૨૫ ।

કેપ્ટન હેલી મેથ્યૂઝે પ્રવાસી સાઉથ આફ્રિકા સામેની ત્રીજી અને નિર્ણાયક ટી૨૦ ક્રિકેટ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને અડધી સદી ફટકારતાં વેસ્ટ ઈન્ડિઝ વિમેન્સ ટીમે અહીંના કેવ હિલ ખાતે રમાયેલી ત્રીજી ટી૨૦ મેચમાં છ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. આ સાથે કેરેબિયન વિમેન્સ ટીમે સાઉથ આફ્રિકાની વિમેન્સ ટીમ સામે ૧૨ વર્ષ બાદ પહેલી વાર સિરીઝ અને ટ્રોફી જીતી હતી. હેલી મેથ્યુઝને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાઈ હતી.પ્રથમ બેટિંગ કરતાં સાઉથ આફ્રિકાએ છ વિકેટે ૧૪૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેમાં ચિયાને સ્મિટના ૩૮ બોલમાં અણનમ ૫૯ મુખ્ય રહ્યા હતા. તેણે સાત ચોગ્ગા ઉપરાંત એક સિક્સર ફટકારી હતી. સુકાની લૌરા વલવાર્ડે ૨૮ રનનું યોગદાન આપ્યું હતું. કેરેબિયન ટીમ માટે કરિશ્મા રામ્હારેક અને ફ્લેચરે બે બે વિકેટ લીધી હતી.

### ઈઝરાયલે ગાઝામાં અમેરિકા દ્વારા સંચાલિત ભોજન માટે ઉભેલા લોકોને ગોળીઓ ધરબી

#### ગયા મહિને ગાઝામાં પાંચ હજાર બાળકો કુપોષણનો શિકાર, પાંચ મહિનામાં ૧૬ હજારને દાખલ કરવા પડયા : યુનિસેફ

। (એજન્સી) ગાઝા, તા.૨૫ ।

ઈઝરાયલે ગાઝામાં કાળો કેર વર્તાવ્યો છે. ૫૦૦૦૦થી વધુ લોકોના જીવ લીધા બાદ પણ તે ગાઝામાં હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. ત્યાં લાખો લોકોને ઘરવિહોણાં કર્યા બાદ છેલ્લા ઘણા દિવસોથી ગાઝાની નાકાબંધી કરી રાખવાને લીધે ત્યાં ભૂખમરાંની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે રાહત કેમ્પોમાં આશ્રય લેનારા લોકોને પણ ઈઝરાયલ બખ્શી રહ્યું નથી. તાજેતરમાં રાહત કેમ્પમાં ફૂડ પેકેટ મેળવવા માટે લાઈનમાં ઊભેલા લોકો પર સતત ગોળીબારની ઘટનાઓ બની રહી છે. ત્યાં ફરી એકવાર આવી ઘટનામાં ૪૦ લોકો માર્યા ગયા છે અને ૧૫૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. મધ્ય ગાઝાના નુસરતમાં અલ-આવદા હોસ્પિટલમાં ૨૦થી વધુ મૃતદેહો લવાયા હતા, આ હોસ્પિટલ સાથે જોડાયેલા મારવાન અબુએ કહ્યું હતું કે આ લોકો નજીકમાં અમેરિકા દ્વારા સંચાલિત ફૂડ વિતરણ કેન્દ્ર પર ગયા હતા તે સમયે જ ઈઝરાયેલ દ્વારા તેમના પર હુમલો કરી દેવાયો હતો અને ભારે ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ૧૫૦થી વધુ લોકો ઘવાયા છે. જ્યારે બાળકો પર કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનિસેફે ગાઝાને લઈને એક રિપોર્ટ જાહેર કર્યો છે અને કહ્યું છે કે ગાઝા પટ્ટીમાં મે મહિનામાં જ પાંચ હજારથી વધુ બાળકો કુપોષણનો ભોગ બન્યા છે. આ વર્ષની શરૂઆતથી જ દરરોજ ૧૧૨ બાળકોને કુપોષણ સામે સારવાર આપવા માટે દાખલ કરાઈ રહ્યા છે. જ્યારે આ વર્ષે મે મહિનાના અંત સુધીમાં કુપોષણની સારવાર માટે કુલ ૧૬૩૭૬ બાળકોને દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે રાહત કેમ્પોમાં રહેતા કે ફૂડ વિતરણ કેન્દ્રો પર ભોજન ફંફાળી રહેલા નાગરિકો પર ઈઝરાયેલ દ્વારા કરાઈ રહેલા હુમલાની સંયુક્ત રાષ્ટ્રે ટિકા કરી હતી અને તેને યુદ્ધનો ગુનો ગણાવ્યું હતું. મે મહિનાના અંતે ગાઝામાં શરૂ કરાયેલા ફૂડ વિતરણ કેન્દ્રો પર ઈઝરાયેલ દ્વારા અત્યાર સુધી કુલ ૪૧૦ લોકોનો ભોગ લેવામાં આવ્યો છે.

# આઝાદીમાં યોગદાન નથી ને બંધારણ વિરુદ્ધ વાતો કરી રહ્યા છે : ખડગે

## એચ-૧બી વિઝાના કારણે વામપંથી અને દક્ષિણપંથી વિચારધારા ધરાવતા લોકો એકજૂટ થતાં જોવા મળ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દેશમાં આજથી ૫૦ વર્ષ પહેલાં કટોકટી લાદવામાં આવી હતી, ત્યારે આજના દિવસે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પ્રેસ કોન્ફરન્સ યોજી ચૂંટણી પંચ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'મોદી સરકારમાં ચૂંટણી પંચ કઠપૂતળી બની ગયું છે. નરેન્દ્ર મોદી કહે છે કે, હું ચૂંટણી જીતી રહ્યો છું. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો તો ઈડી પાસે કોઈ જવા નથી. વર્તમાન સમયમાં ચૂંટણી પંચ મોદી સરકારની કઠપૂતળી બની ગઈ છે.'

આ વર્ષે અંતમાં બિહાર વિધાનસભા ચૂંટણી યોજાવાની, ત્યારે ખડગેએ બિહારનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અરે તમે ચૂંટણી જીતી રહ્યા નથી, મશીન જીતી રહી છે. વડાપ્રધાન મોદીએ આજે કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે એક પરિપત્ર જાહેર કર્યું છે. તેમાં કહેવાયું છે કે, કટોકટી વખેત બંધારણ નષ્ટ થઈ ગયું હતું અને અમે બંધારણ પર વિશ્વાસ ઉભો કર્યો છે. તમામ રાજ્યએ બંધારણ હત્યા દિવસ મનાવવો જોઈએ.'



કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, 'દેશની આઝાદીમાં જેનું કોઈ યાગદાન નથી, તેઓ બંધારણની વિરુદ્ધમાં વાતો કરી રહ્યા છે. ભાજપ 'બંધારણ બચાવો યાત્રા'થી ગભરાઈ રહી છે. જે લોકો શાસન કરવામાં નિષ્ફળ ગયા છે, મોંઘવારીથી લઈને બેરોજગારી પર જવાબ આપતા નથી, નોટબંધી પર જવાબ આપતા નથી, તમે સર્વપક્ષીય બેઠકમાં પણ આવતા નથી અને પહલગામ પર બેઠક બોલાવીને રેલી કરવા જતા રહ્યા.'

કટોકટીના ૫૦ વર્ષ થવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર કહ્યું કે, 'આજે ભારતના લોકતંત્રના ઈતિહાસમાં સૌથી કાળા અધ્યાયો પૈકી એક કટોકટીને ૫૦ વર્ષ પૂરા થયા છે. દેશના લોકો આ દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે માને છે. આ દિવસે ભારતના બંધારણના મૂલ્યોની અવગણના કરવામાં આવી હતી. મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરી પ્રેસની સ્વતંત્રતા ખતમ કરવામાં આવી હતી. અનેક રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ, અને સામાન્ય નાગરિકોને જેલ ભેગા કર્યા હતા. તે સમયે શાસન કરી રહેલી કોંગ્રેસ સરકારે લોકતંત્રને બંધક બનાવ્યું હતું. અમે કટોકટી વિરૂદ્ધ લડાઈમાં અડગ રહેનારા દરેક વ્યક્તિને સલામ કરીએ છીએ. આખા ભારતમાંથી, દરેક ક્ષેત્રમાંથી, અલગ-અલગ વિચારધારાઓમાંથી લોકો આવ્યા હતાં. જેમનો એક જ ઉદેશ હતો એકબીજા સાથે મળીને કામ કરવું. ભારતના લોકશાહી ઢાંચાની રક્ષા કરવી અને તેના આદર્શોને જાળવી રાખવા.

તેના માટે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આ તેમનો સામૂહિક સંઘર્ષ હતો. જેના લીધે તે સમયની કોંગ્રેસ સરકારે લોકશાહીની પુનઃસ્થાપના કરવી પડી. નવેસરથી ચૂંટણી કરાવવી પડી અને તેમાં કારમી હારનો સામનો કર્યો.'

### મિડલ ઈસ્ટ ક્રાઈસીસને પગલે

# ઈરાન માટેના ભારતના બાસમતી ચોખા કંડલા અને મુંદ્રા પોર્ટ ખાતે અટવાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને સોમવારે કહ્યું હતું કે ઈઝરાયેલ-ઈરાન ઘર્ષણને પગલે ઈરાન ખાતે નિકાસ કરવામાં આવનારા ૧ લાખ ટન જેટલા બાસમતી ચોખા પોર્ટ ખાતે અટવાયા છે. એસોસિએશનના પ્રમુખ સતીષ ગોયલે કહ્યું હતું કે અંદાજે ૧ લાખ ટન બાસમતી ચોખા ઈરાન ખાતે નિકાસ થવાના હતા. પરંતુ યુદ્ધની સ્થિતિ વચ્ચે આ ચોખા પોર્ટ ખાતે અટવાઈ પડ્યા છે. ભારતની બાસમતી ચોખાની કુલ નિકાસ પૈકી ૧૮-૨૦ ટકા ઈરાન ખાતે થાય છે. ગોયલે કહ્યું હતુ કે મુખ્યત્વે આ ચોખાનો જથ્થો હાલમાં ગુજરાતના કંડલા અને મુંદ્રા પોર્ટ ખાતે છે. કારણ કે ઈરાન ખાતે જવા માટે કોઈ વેસલ (જહાજ) પણ નથી મળતું અને કોઈ વીમો પણ નથી મળી રહ્યો. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય ઘર્ષણ સામાન્ય રીતે શિપિંગ ઈન્સ્યોરન્સ પોલિસી હેઠળ કવર નથી થતા. તેને કારણે નિકાસકારો તેમના કન્સાઈનમેન્ટ મોકલી શકતા નથી. તેમણે કહ્યું કે શિપ મેન્ટમાં વિલંબ અને પેમેન્ટ અંગે અનિશ્ચિતતાને કારણે ગંભીર નાણાકીય સંકટ ઊભું થાય છે. બાસમતી ચોકાના ભાવ સ્થાનિક બજારમાં કિલોગ્રામ દીઠ ~4-5 ઘટી ગયા છે. એસોસિએશન કેન્દ્રીય એગ્રી-એક્સપોર્ટ પ્રમોશન સંગઠન અપેડા સાથે સંપર્કમાં છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે ૩૦ જૂને આ અંગે મીટિંગ યોજાવાની છે.ભારતીય બાસમતી ચોખાની સૌથી વધુ આયાત સાઉદી અરેબિયામાં થાય છે અને બીજા ક્રમે ઈરાનમાં થાય છે.

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા માટે સુરક્ષા સહિતની તમામ વ્યવસ્થાઓ કરી લેવામાં આવી છે. શ્રી હર્ષ સંઘવીએ આજે ભગવાન જગન્નાથજીની નેત્રોત્સવ વિધિમાં સહભાગી થઈને આરતી ઉતારી હતી, તેમજ ધ્વજારોહણ પણ કરાવ્યું હતું.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સમગ્ર રૂટ પર પગપાળા ચાલીને નિરીક્ષણ કર્યું હતું. આ સાથે મંત્રીશ્રીએ રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય અને શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા હાથ ધરી હતી.





રથયાત્રાના રૂટ નિરીક્ષણ દરમિયાન પત્રકારો સાથે વાત કરતાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અમદાવાદની જગન્નાથજીની રથયાત્રા એ સૌથી મોટી આસ્થા અને વ્યવસ્થાની પણ યાત્રા છે. દેશમાં પ્રથમ વખત અમદાવાદની રથયાત્રામાં ક્રાઉડ મેનેજમેન્ટ માટે એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જગન્નાથજીની રથયાત્રા દરમિયાન ડ્રોન અને એઆઈ ટેક્નોલોજીથી જનમેદની પર નજર રખાશે અને ભાગદોડ જેવી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેનું ધ્યાન રાખવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યુ કે, ભાવિક-ભક્તો જગન્નાથજીના દર્શન સરળતાથી કરી શકે અને તેમને કોઈપણ પ્રકારની અગવડ ન પડે એ માટે આધુનિક ટેક્નોલોજીની મદદ લેવામાં આવી રહી છે.

રથયાત્રાની વિશેષ સુરક્ષા વ્યવસ્થા અંગે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રથયાત્રાના સમગ્ર રૂટનું 3D મેપિંગ કરાવવામાં આવ્યું છે.3D મેપિંગના ગ્રાફિક્સના આધારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ સાથે ૩૫૦૦ સીસીટીવી કેમેરા, ૨૮૭૨ બોડી વોર્મ કેમેરા, ૨૪૦ ટેરેસ પોઈન્ટ, ૨૫ વૉચ ટાવર અને ૨૩,૮૪૪ જેટલા પોલીસ જવાનો દ્વારા અમદાવાદ રથયાત્રા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ૨૧૩ જેટલી રથયાત્રાઓ યોજવામાં આવે છે. આ રથયાત્રાઓમાં ધાર્મિક સંસ્થાઓ સાથે સંકલન કરીને ગુજરાત પોલીસે સુરક્ષા વ્યવસ્થા કરી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે અમદાવાદની રથયાત્રાએ સામાજિક એકતાનું પ્રતીક છે.અમદાવાદ પોલીસ દ્વારા સોશિયલ પોલિસિંગ થકી તમામ સમુદાયો વચ્ચે ભાઈચારો ઘનિષ્ઠ બને એવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.ક્રિકેટ ટુર્નામેન્ટ સહિતની રમતો રમાડવામાં આવી છે.મહિલા પોલીસ અધિકારીઓ દ્વારા મહિલાઓ સાથે બેઠક યોજીને શાંતિપૂર્ણ માહોલ માટે મહિલાઓનો સહયોગ મેળવવાનો પ્રયાસ પણ કરાયો છે.

રથયાત્રાના રૂટ પરનાં જર્જરિત મકાનો અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, જર્જરિત મકાનોનો સર્વે હાથ ધરીને ૪૮૪ ભયજનક મકાનોને આઈડેન્ટિફાઈ કરીને તમામને સીલ કરવામાં આવ્યાં છે,તેમજ છાપરા-પતરાથી બ્લોક કરવાની કામગીરી એએમસીના સહયોગથી કરવામાં આવી છે.

રથયાત્રા દરમિયાન નાનાં બાળકો ખોવાઈ જાય તો તેમને પરિવાર સુધી પહોંચાડવા માટે રથયાત્રાના રૂટ પર ૧૭ જનસહાય કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે. ગયા વર્ષે આવાં કેન્દ્રો દ્વારા ૬૫થી વધુ બાળકોને સહી સલામત રીતે તેમના પરિવાર સુધી પહોંચાડવામાં આવ્યાં હતાં, એવું તેમણે ઉમેર્યું હતું.

## તંત્રી લેખ...

# વૈશ્વિક પડકારો છતાં અર્થવ્યવસ્થા મજબૂત ગતિએ વધી રહી છે આગળ

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જૂન બુલેટિનમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં આર્થિક ગતિવિધિઓ મજબૂત બની છે. બુલેટિનમાં પ્રકાશિત અર્થવ્યવસ્થાની સ્થિતિ શીર્ષક હેઠળના અહેવાલમાં જણાવ્યું હતું કે, વેપાર નીતિની અનિશ્ચિતતાઓ અને જિઓ-પોલિટિકલ તણાવ વધતાં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અસ્થિરતાનો માહોલ સર્જાયો છે. પરંતુ ભારતનું અર્થતંત્ર મજબૂત ગતિ સાથે આગળ વધી રહ્યું છે. વધતી વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે મે, ૨૦૨૫ માટે વિભિન્ન ઉચ્ચ આવર્તન સૂચકાંકો ભારતના ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં મજબૂત આર્થિક પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, મોટાભાગના મુખ્ય પાકોના ઉત્પાદનમાં કૃષિ ક્ષેત્રે વ્યાપક વધારો જોવા મળ્યો છે. ઉપરાંત, સ્થાનિક ભાવની સ્થિતિ પણ અનુકૂળ રહી છે. મે મહિનામાં સતત ચોથા મહિને એકંદર ફુગાવો લક્ષ્યાંકથી નીચે રહ્યો છે. એકંદર ફુગાવામાં ઊર્જા અને ખાદ્ય ચીજોની અસર થાય છે. વ્યાજ દરમાં ઘટાડાના લાભો ડેટ માર્કેટને અસરકારક રીતે પહોંચાડવા માટે નાણાકીય પરિસ્થિતિઓ પણ અનુકૂળ રહે છે. આરબીઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે બુલેટિનમાં પ્રકાશિત લેખમાં વ્યક્ત કરાયેલા વિચારો લેખકોના છે અને ભારતીય રિઝર્વ બેક્કના વિચારોનું પ્રતિનિધિત્વ કરતા નથી.

# પ્રધાનમંત્રી મોદીએ સંવિધાન હત્યા દિવસ પર લોકશાહીના રક્ષકોને શ્રદ્ધાંજલિ અર્પી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઈમરજન્સીના ૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે દેશના ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંનુ એક ગણાવતા લોકશાહીના રક્ષણ માટે ઉભા રહેલા અસંખ્ય ભારતીયોને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

બંધારણીય મૂલ્યો પરના ગંભીર હુમલાને યાદ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ૨૫ જૂનને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવવામાં આવે છે - એક એવો દિવસ જ્યારે મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા, પ્રેસની સ્વતંત્રતા નાબૂદ કરવામાં આવી હતી અને અસંખ્ય રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

મોદીએ આપણા બંધારણમાં રહેલા સિદ્ધાંતોને મજબૂત કરવા અને વિકસિત ભારતના આપણા વિઝનને સાકાર કરવા માટે સાથે મળીને કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે વધુમાં કહ્યું કે કટોકટી વિરોધી ચળવળ એક શીખવાનો અનુભવ હતો જેણે આપણા લોકશાહી માળખાને જાળવવાના મહત્વને પુનઃપુષ્ટિ આપી હતી.

શ્રી મોદીએ કટોકટીના કાળા દિવસો યાદ રાખનારા અથવા તે દરમિયાન જેમના પરિવારોએ સહન કર્યું હતું તેવા તમામ લોકોને સોશિયલ મીડિયા પર તેમના અનુભવો શેર કરવા હાકલ કરી, જેથી યુવાનોને ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના શરમજનક સમયગાળા વિશે જાગૃત કરી શકાય.

X પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં, તેમણે લખ્યું:

“આજે કટોકટી લાદ્યાને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે, જે ભારતના લોકશાહી ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંનો એક છે. ભારતના લોકો આ દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવે છે. આ દિવસે, ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યોને બાજુ પર રાખવામાં આવ્યા હતા, મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા, પ્રેસની સ્વતંત્રતા દબાવવામાં આવી હતી અને ઘણા રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. એવું લાગ્યું કે તે સમયે સત્તામાં રહેલી કોંગ્રેસ સરકારે લોકશાહીને બંધક બનાવી દીધી હતી!

“કોઈ પણ ભારતીય ક્યારેય ભૂલી શકે નહીં કે આપણા બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કેવી રીતે કરવામાં આવ્યું હતું, સંસદનો અવાજ દબાવવામાં આવ્યો અને અદાલતોને નિયંત્રિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ૪૨મો સુધારો તેમના કાર્યોનું ઉત્તમ ઉદાહરણ છે. ગરીબો, હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને દલિતોને ખાસ કરીને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં તેમના ગૌરવનું અપમાન પણ સામેલ છે.

“અમે કટોકટી સામેની લડાઈમાં અડગ રહેલા દરેકને સલામ કરીએ છીએ! આ ભારતભરના, બધા પ્રદેશોના, વિવિધ વિચારધારાઓના લોકો હતા જેમણે એક જ ધ્યેય સાથે, ભારતના લોકશાહી માળખાનું રક્ષણ કરવા અને આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન સમર્પિત કરેલા આદર્શોને જાળવવા એકબીજા સાથે સુમેળમાં કામ કર્યું હતું. તે તેમના સામૂહિક સંઘર્ષથી સુનિશ્ચિત થયું કે તત્કાલીન કોંગ્રેસ સરકારને લોકશાહી પુનઃસ્થાપિત કરવી અને નવી ચૂંટણીઓ યોજવી પડી, જે તેઓ ખરાબ રીતે હારી ગયા હતા.

“અમે આપણા બંધારણમાં રહેલા સિદ્ધાંતોને મજબૂત કરવા અને વિકસિત ભારતના આપણા સ્વપ્નને સાકાર કરવા માટે સાથે મળીને કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાનું પણ પુનરાવર્તન કરીએ છીએ. આપણે ગરીબો અને દલિત લોકોના સપનાઓને સ્પર્શ કરીશું અને પૂર્ણ કરીશું.


“જ્યારે કટોકટી લાદવામાં આવી ત્યારે હું એક યુવાન RSS પ્રચારક હતો. કટોકટી વિરોધી ચળવળ મારા માટે શીખવાનો અનુભવ હતો. તેણે આપણા લોકશાહી માળખાને જાળવવાના મહત્વને ફરીથી સમર્થન આપ્યું. ઉપરાંત, મને રાજકીય ક્ષેત્રના લોકો પાસેથી ઘણું શીખવા મળ્યું. મને ખુશી છે કે બ્લુક્રાફ્ટ ડિજિટલ ફાઉન્ડેશને તેમાંથી કેટલાક અનુભવોને એક પુસ્તકમાં સંકલિત કર્યા છે જેમાં શ્રી એચ.ડી. દેવેગૌડા જી દ્વારા પ્રસ્તાવના આપવામાં આવી છે, જેઓ પોતે કટોકટી વિરોધી ચળવળના દિગ્ગજ હતા.

‘ધ ઈમર્જન્સી ડાયરીઝ’ એ કટોકટીના વર્ષો દરમિયાનની મારી સફરનો અહેવાલ છે. તેનાથી તે સમયની ઘણી યાદો તાજી થઈ ગઈ.

જે લોકો કટોકટીના તે કાળા દિવસો યાદ કરે છે અથવા જેમના પરિવારોએ તે સમય દરમિયાન સહન કર્યું હતું તેઓ બધાને હું સોશિયલ મીડિયા પર તેમના અનુભવો શેર કરવા વિનંતી કરું છું. આનાથી યુવાનોમાં ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના શરમજનક સમય વિશે જાગૃતિ આવશે.

**આપણાં જેવાં સંસારીઓ માટે તો સિદ્ધિ નહીં પણ શુદ્ધિનું મહત્વ હોવાથી, સીધાસાદા મંત્ર જાપ કરવાં, કારણકે આજકાલ સમાજ સુખી હોવા છતાં શાંત નથી**

# અષાઢ નવરાત્રીનાં પ્રારંભે જ કાલિદાસનો જન્મ છે અને મા કાલીની કૃપાથી મહાન બન્યાં



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કાલિદાસ સંસ્કૃત ભાષામાં સાત રચના આપી આપણો સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો સમૃદ્ધ બનાવ્યો છે, એમની રચનાઓની લગભગ બધીજ ભાષાઓમાં અનુવાદ થયેલો છે, કુમાર સંભવ અને રઘુવંશમ જેવાં બે મહાકાવ્યો અને ઋતુસંહારમ અને મેઘદૂતમ જેવા ખંડ કાવ્યો, અને અભિજ્ઞાન શાકુંતલ, માલવિકા અગ્નિમિત્રમ, વિક્રમોવર્શીયમ જેવા નાટકો લખ્યાં છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજથી અષાઢ નવરાત્રીની શરૂઆત થઈ ચૂકી છે. આપણે સનાતનની પરંપરા મુજબ વર્ષમાં ચાર નવરાત્રી ઉજવવામાં આવે છે, મહા, ચૈત્ર, અષાઢ, અને આસો. મહા મહિનાની અને અષાઢ મહિનાની નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવામાં આવે છે. સામાન્ય રીતે મહા મહિનાની અને અષાઢ મહિનાની આ ગુપ્ત નવરાત્રી તંત્ર માર્ગના એટલે કે અઘોર પંથના સાધકો માટે છે, અને તેઓ વિશિષ્ટ સિદ્ધિ માટે આ નવરાત્રીમાં અનુષ્ઠાન કરતાં હોય છે. ગુપ્ત નવરાત્રિમાં મા કાલી, તારા દેવી, ત્રિપુરા સુંદરી, ભુવનેશ્વરી, માતા છિન્નમસ્તા, ત્રિપુરા ભૈરવી, મા ધુમાવતી, માતા બગલામુખી, માતંગી અને કમલા દેવીની પૂજા કરવામાં આવે છે. પણ સંસારી માનવી એ તંત્ર નહીં પણ મંત્ર પર શ્રદ્ધા રાખવાની છે. અષાઢ સુદ એકમને દિવસે મહાકવિ કાલિદાસનો જન્મ દિવસ આવે છે, અને આપણે સૌ જાણીએ છીએ, કે કાલિદાસને મહામૂર્ખની ઉપાધિ મળી હતી, અને પછી એ મા કાલીની ઉપાસના કરી મહાકવિ બન્યા, એટલે અષાઢી નવરાત્રી, મૂર્ખ માંથી મહાન બનવાની સીડી છે એમ કહી શકાય. કાલિદાસ સંસ્કૃત ભાષામાં સાત રચના આપી આપણો સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો સમૃદ્ધ બનાવ્યો છે. એમની રચનાઓનો લગભગ બધીજ ભાષાઓમાં અનુવાદ થયેલો છે. કુમાર સંભવ અને રઘુવંશમ જેવાં બે મહાકાવ્યો અને ઋતુસંહારમ અને મેઘદૂતમ જેવા ખંડ કાવ્યો, અને અભિજ્ઞાન શાકુંતલ, માલવિકા અગ્નિમિત્રમ, વિક્રમોવર્શીયમ



જેવા નાટકો લખ્યાં છે. જોકે કાલિદાસ જેવો મહાકવિ પણ આપણને એક સ્ત્રીના મ્હેણાંને કારણે પ્રાપ્ત થયાં.પોતાની પત્ની વિદ્યોત્તમાનાં જ્ઞાનના ઘમંડને કારણે એ ઘર છોડીને જતાં રહે છે, અને મહાકાલીની કઠોર સાધના કરીને સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કરે છે. પણ આપણાં જેવાં સંસારીઓ માટે તો સિદ્ધિ નહીં પણ શુદ્ધિનું મહત્વ હોવાથી, સીધાસાદા મંત્ર જાપ કરવાં , કારણકે આજકાલ સમાજ સુખી હોવા છતાં શાંત નથી. મા દુર્ગાનું કોઈપણ સ્વરૂપ હોય પણ તત્વતઃ તે શક્તિ પ્રદાન કરનાર છે, અને આ ઘોર કળિયુગમાં માત્ર સ્થૂળ શક્તિથી કામ નથી ચાલતું, એની માટે આંતરિક ભાવ શક્તિ વગર સુખ શાંતિ મળતાં નથી. તો ચાલો આ અષાઢી નવરાત્રી એ સિદ્ધિ નહીં, પણ શુદ્ધિ માટે કરીએ મા દુર્ગાને આહવાન! જે આપણાં આંતરિક મનોભાવને શુદ્ધ કરીને આપણાં જીવનની દિશાને એક નવો મોડ આપે, જ્યાં શાંતિનો બહોળો વ્યાપ હોય! ત્યાં સુધી પહોંચવા માટેનાં ક્રમશઃ નવ પગથિયાં આપણે ચડવાના છે.

**શક્તિ, બુદ્ધિ, વિદ્યા, મૈત્રી, ક્ષમા, પ્રિતી, ભક્તિ, કરુણા અને શાંતિ.**

**યા દેવી સર્વ ભૂતેષુ**
**શક્તિ રૂપેણ સંસ્થિતા નમઃ**
**તસ્યે નમઃ તસ્યે નમો નમાં.**

શક્તિઃ આમ તો સમસ્ત બ્રહ્માંડની ગતિવિધિઓ શક્તિ વગર સંભવ નથી, અને દરેક જીવનું જીવન અનૂકુળ બની રહે, એ માટે અહીં સતત ચૈતન્ય શક્તિ કાર્ય કરી રહી છે, અને આ ચૈતન્ય શક્તિને જ આદ્ય શક્તિ કે મા જગત જનની જગદંબા કહેવાય છે. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ એ પૂજા કરીને મા ભગવતી પરાઅંબાને પ્રગટ કર્યો, જે સમસ્ત બ્રહ્માંડના કણકણમાં વ્યાપ્ત થઈ અને એનું સંચાલન કરે છે. પણ વ્યક્તિગત રીતે જોઈએ તો સામાન્ય રીતે આપણે સ્થૂળ શરીરની ક્રિયાઓ માટે જેની જરૂર પડે છે, એને શક્તિ કહીએ છીએ. એ શક્તિ આપણને ખોરાકમાંથી મળે છે, જે ખોરાક પ્રમાણે હોય છે! એટલે જ આપણે ત્યાં પોષ્ટિક આહારની વાત આવી છે, અને એની પરથી કુપોષણની વાત પણ આવી! એટલે કે માનવીને શારિરીક શક્તિ માટે ઉચ્ચ અને ગુણવત્તા વાળાં આહારની જરૂર પડે છે, અને જો ન મળે તો રોગ થાય! આહારમા છ રસ મુખ્ય હોય છે, અને એનું વિભાજન કરી પોષ્ટિક આહાર બને છે, જેનું વિશ્લેષણ કરીએ તો કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, આર્યન, કેલ્શિયમ, શર્કરા, સોડિયમ, અને અન્ય ધાતુ તેમજ વિટામિનનો સમાવેશ થાય છે. પણ શક્તિના મુખ્ય સ્ત્રોત તરીકે કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીન છે, જે શક્તિ ઉપરાંત વૃદ્ધિ માટે પણ જરૂરી છે. હવે ભારતની વસ્તી પ્રમાણે દરેક વ્યક્તિ ખોરાક પણ માંડ માંડ મેળવી શકે! ત્યાં દરેકને પોષ્ટિક આહાર તો ક્યાંથી ઉપલબ્ધ થાય એ બહુ સમજી શકાય એવી વાત છે. પણ આજકાલ જે રીતે સ્વાદને કારણે પોષ્ટિકતાને અણદેખ્યુ કરીને આહાર લેવામાં આવે છે, એને કારણે વધુ રોગ થાય છે. જેમકે ખાંડનું વધુ પડતું સેવન ડાયાબિટીસ કરે છે, અતિશય મરી મસાલા વાળો આહાર બીપી વધારે છે. તેમજ તીખા તળેલા આહારથી હાર્ટની તકલીફ શરૂ થાય છે. તેમજ તનાવ ઓછો કરવા કે પછી મોજશોખ માટે જો વ્યસન શરું થયું હોય તો કેન્સર! આ ઉપરાંત અતિ ઠંડા આહાર કે પ્રદૂષણને કારણે અસ્થમા! એનાં પરથી કહી શકાય કે શક્તિના સ્ત્રોત તરીકે અપનાવેલાં આહારથી જ આપણી શક્તિ ક્ષીણ થઈ રહી છે. તો નિરોગી રહેવા કે પછી સકારાત્મક શક્તિ માટે સ્વાદ પર સંયમ કરીને સાદું અને સાત્વિક ભોજન લેવું જોઈએ. બુદ્ધિઃ સમગ્ર જીવ સૃષ્ટિમાં મનુષ્યને જુદું પાડતું કોઈ પરિબળ હોય તો એ બુદ્ધિ છે, અન્ય પશુ પંક્ષીમા બુદ્ધિનું પરિબળ હોતું નથી, અથવા તો એનો ઉપયોગ કેવી રીતે કરવો, પોતાનું જીવન સહેલું કંઈ રીતે બનાવવું એ જોવા મળતું નથી! બાકી પોતાનો જીવ સૌને વહાલો હોય એટલે શિકારથી બચવા કંઈ કરે તો એને બચાવ કહી શકાય બુદ્ધિ નહિ. જોકે આજકાલ ટ્રેનીંગને કારણે પશુ પક્ષી પણ સુધરવા લાગ્યાં છે, પણ એની સામે માનવી... હવે પ્રશ્ન આપણને એ થાય કે તો આ બુદ્ધિ શક્તિ ક્યાંથી આવે છે?: અને એનો મુખ્ય રોલ શું છે? બુદ્ધિ આગળ શક્તિ લાગે છે, એટલે એ કુદરતી ગીફ્ટ છે, પણ એને માટે જરૂરી પરિબળો છે, અને એ વિચારોને આધારિત છે. આપણે ત્યાં અન્ન તેવો ઓડકાર!: એવું એક સૂત્ર છે. ભોજન પોષ્ટિક ઉપરાંત સાત્વિક હોવું પણ જરૂરી છે! કારણકે એ આપણામાં રહેલાં સત્વ રજસ અને તમસ ત્રણેય ગુણોને પ્રતિપાદિત કરે છે, સાત્વિક ભોજન કે જેમાં સ્વાદને એટલું મહત્વ અપાતું નથી, પણ જે સત્વ ગુણ વધારે છે, અને માનવીના વિચારોમાં વિવેક વિનય નમ્રતા ઉદારતા માનવતા તેમજ અનુક્રમે સંવેદના વધારી એને દયાળું કે પ્રેમાળ બનાવે છે. ભોજન સ્વાદિષ્ટ હોવાની વાતે સાત્વિકમાં થોડી બાંધછોડ ચલાવી લે છે, અને એ ભોજનથી માનવીમાં રજોગુણ વધે છે, એટલે કે મોહ માયા મમતા, થોડો લોભ, કામનાં, અને પ્રમાદી બનાવે છે, જે એકંદરે માનવીને ભોગ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરાવે છે, અને આગળ જતાં એનું જીવન સ્વ કેન્દ્રિત બને છે. અતિશય તેજ તીખું અને ખાસ કરીને જે ઠાકોરજીને ધરવામાં આવતું નથી, એવું અભક્ષ્ય ભોજન કરવાથી તમો ગુણ વધે છે, જેમકે ઈર્ષા, નીંદા, હિંસા બદલો લેવાની ભાવના, અથવા અન્યની હેરાનગતિ કરતી વિકૃતિ ઉત્પન્ન કરે છે. એટલે આહારથી શારીરિક રોગ અને બુદ્ધિ વિકારિત થતાં માનસિક રોગ બંને થાય છે. આમ તો બુદ્ધિ ને શક્તિની જ એક આગવી ઓળખ તરીકે ઓળખવામાં આવે છે, પણ કળિયુગમાં બુદ્ધિ તત્વ શુદ્ધ રહી શક્યું નહીં, એટલે એની આગળ સદ લગાડવામાં આવે છે, અને સત્વ ગુણથી બનતી બુદ્ધિને સદ્બુદ્ધિ કહેવાય છે, પણ એ આપણે ઉપર જોયું તેમ બિલકુલ આપણાં હાથની વાત છે! આહાર ઉપરાંત બુદ્ધિને સાત્વિક બનાવવા માટે સંગત પણ અસર કરે છે. વાંચન, અધ્યયન, કે સ્વાધ્યાય પણ ઉચ્ચ શિખરે લઈ જાય છે, અને એટલે જ આપણે ત્યાં ભજન કિર્તન સંગીત, શાસ્ત્ર પઠન કે પૂજા પાઠનું મહત્વ અંકાયુ છે. તો મનુષ્ય જીવન ટકાવી રાખવાની આ બે પ્રાથમિક માંગ માટે આપણે સાત્વિકતાનું વરણ કરીને બળ બુદ્ધિને વિદ્યા સુધી પહોંચાડી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**જીવ-ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી, જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે**

# કેટલાક લોકો હંમેશા ‘‘ખુશ-સંતુષ્ટ’’હોય છે! એટલા માટે નહીં કે તેમના જીવનમાં બધું બરાબર છે! પણ એટલા માટે કે તેમના ‘‘વિચાર’’હંમેશા સકારાત્મક હોય છે!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**નર એ નારાયણનો અંશ છે, અંશ એટલે કે નર, અંશી એટલે કે નારાયણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી, કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે, જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે, વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે, પ્રેમની પરિપૂર્ણતા અદ્વૈતમાં છે, ભક્ત અને ભગવાન છેવટે એક છે, ગોપી અને શ્રીકૃષ્ણ એક છે.**

ગઈકાલે રાજયમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામો જાહેર થતાં કહી ખુશી કહી ગમ જેવી સ્થિતિ જોવા મળી. લોકશાહી ઢબે ગામમાં શાંતિ સાથે સુશાસન થાય તેવા સૌ સહિયારા પ્રયાસો કરજો.. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવને ભગવાન કહે છે કે,તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા. જીવાત્મા અંશ છે, પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુઃખી છે.તે અંશ અંશી માં એટલે ઈશ્વરમાં મળી જાય તો જીવ સુખી થાય. નર એ નારાયણનો અંશ છે. અંશ એટલે કે નર. અંશી એટલે કે નારાયણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે, વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે. પ્રેમની પરિપૂર્ણતા અદ્વૈતમાં છે. ભક્ત અને ભગવાન છેવટે એક છે. ગોપી અને શ્રીકૃષ્ણ એક છે. જીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. આ વિયોગ કરવાથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી, તેથી લાભ નથી. ધોતિયાને ડાઘો પડયો હોય તો તે ક્યારે પડયો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. તેણે તો ડાઘ જ દૂર કરવો જોઈએ. તે પ્રમાણે જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે. જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છેતે નિર્ભય ક્યાંથી? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે.



બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે. અનંત કાળે બીક લાગે છે,કરેલા પાપોની યાદથી. મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી.પણ કાળના કાળ ભગવાન જીવને અપનાવે,તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી.જેને શેઠનો આશરો એને નોકર શું કરી શકે? જીવ અને ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી. જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે છે. ગંગાકિનારે રહેતા એક સંત- મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિ મેળવવા એક મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો.સંતે કહ્યું કે, હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ. સંત ગયા. પેલાનું મન તલપાપડ થવા લાગ્યું. સંતની ગેરહાજરીમાં એ આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પધાર્યા. સંતે કહ્યું, આટલી ધીરજ ન રાખી શક્યો? પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ? ત્યારે સંતે કહ્યું, ભાઈ, જોને, પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે.તેથી પારસમણિ અને લોખંડ નો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય?તેવી રીતે જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે,પણ વાસનાના આવરણને લઈ ને તેનું મિલન થતું નથી.એટલે કે ઈશ્વરનો સ્પર્શ પામી શકતો નથી. જીવાત્મા એ દાબડી છે. પરમાત્મા એ પારસ મણિ છે.વચમાંનું અહંતા-મમતા રૂપી ચીંથરું દૂર કરવાનું. અનેક વખત સાધકને સાધનકરતાં કાંઈ સિદ્ધિ ન મળે, તો તેને સાધન પ્રત્યે ઉપેક્ષા જાગે છે. જીવ એ સાધક છે, સેવા સ્મરણ એ સાધન છે, શ્રીકૃષ્ણ એ સાધ્ય છે. લોકો સમજે છે કે ભક્તિમાર્ગ તદ્દન સહેલો છે.હા,સહેલો છે,ને અઘરો પણ છે.સવારમાં ભગવાન ની પૂજામાં બેસવું સહેલું છે, પણ ઈશ્વરને આખો દિવસ માટે ભૂલી જવો એ ભક્તિ નથી. ચોવીસ કલાક ઈશ્વરનું સ્મરણ રહે તે ભક્તિ. એ અઘરું છે. ભક્તિમાં આનંદ છે, પણ મનુષ્ય શરીરથી ભક્તિ કરે છે, મનથી ભક્તિ કરતો નથી.વાણી ભગવાન ના નામનો ઉચ્ચાર કરે, પણ મન ભગવાનનું સ્મરણ ન કરે તેનો કાંઈ અર્થ નથી.મન સંસારના વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં. સેવામાં ક્રિયા મુખ્ય નથી, ભાવ મુખ્ય છે. સેવા ક્રિયામાં નથી, ભાવનામાં છે. સર્વ વિષયને મનમાંથી હટાવે તો સેવામાં આનંદ આવશે. સેવા કરવા બેસો ત્યારે પ્રથમ એવી જ ભાવના કરો કે, સેવા કરવા છતાં પણ ભગવાનનાં દર્શન ન થાય તો આપણો જ દોષ. સેવા કરનારને સેવા કરી રહ્યા પછીમારું દુઃખ ગયું, મારું પાપ ગયું, મારું દરિદ્ર ગયું, હું કૃતાર્થ થયો, એવી જ ભાવના થવી જોઈએ. સેવા કર્યા પછી આ ભાવ ન થાય તો સેવાપૂજામાં આનંદ મળતો નથી, પરમાત્મા પ્રત્યે પ્રેમ કેળવવો હશે, તો વિષયનો પ્રેમ છોડવો પડશે. જગતનો સંબંધ મનથી ન છોડો ત્યાં સુધી બ્રહ્મસંબંધ થતો નથી. ધીરે ધીરે સંસારના વિષયોનો મોહ છોડી દેજો. સંસારને છોડીને ક્યાં જશો? સંસારને છોડવાની જરૂર નથી. વિષયોનો મોહ છોડવાની જરૂર છે.ધીરે ધીરે સંયમને વધારો વૈરાગ્યને વધારો ત્યારે ઈશ્વર સેવા માં,ધ્યાનમાં અનેરો આનંદ આવશે. એક વખત એક ચોબાજી મથુરા થી ગોકુળ જવા નીકળ્યા. યમુનાજીમાં હોડી વાટે જવાનું હતું. ચોબાજી ભાંગના નશામાં હતા. હોડીમાં બેઠા અને હલેસાં મારવા લાગ્યા. બાહુબળ ઉપર પૂર્ણવિશ્વાસ. બોલવા લાગ્યા, નાવ અભી પહુંચ જાયગી.અભી ગોકુળ આ જાયગા! ચોબાજીએ આખી રાત નાવ ચલાવી. સવાર પડ્યું. ચોબાજી વિચારવા લાગ્યા, આ મથુરા જેવું વળી કયું ગામ આવ્યું? કોઈને પૂછ્યું, આ કયું ગામ? ઉત્તર મળ્યો, મથુરા. નશો ઊતર્યો ત્યારે ચોબાજીને પોતાની મૂર્ખતા સમજાઈ. નાવ દોરીથી ઘાટ સાથે બાંધેલી હતી. નશાની અસરમાં નાવને બાંધેલી દોરી છોડવાનું ભૂલી ગયેલા. આખી રાત નાવ ચલાવી,પણ હતા ત્યાંના ત્યાં! તમને હસાવવા માટે કહેતો નથી. આ કથા ચોબાજીની નથી, આપણા સર્વની છે. ઈન્દ્રિયસુખનો નશો દરેકને ચડેલો છે. પૈસાના નશામાં મનુષ્ય મંદિરમાં જાય છે. નશામાંને નશામાં ઠાકોરજીના સ્વરૂપનું મનથી ચિંતન કરતો નથી તેને તેથી ભગવાનના દર્શનમાં આનંદ આવતો નથી. આ વાસના રૂપી દોરીથી વિષયોમાં બંધાયેલી ઈન્દ્રિયોને છોડાવવાની છે. વાસના દોરીને ન છોડો ત્યાં સુધી આગળ વધાતું નથી.વાસના રૂપે દોરીની જીવની ગાંઠ આ સંસાર સાથે બંધાયેલી છે,તે છોડવાની છે. હૃદયમાં કોઈ વાસના નહીં રહે તો ભક્તિમાં આનંદ આવશે.ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભક્તિ. વૈરાગ્યની ભક્તિ રડે છે,ભોગ ભક્તિમાં બાધક છે. સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે.વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ વધે,તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય. જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો. બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાય છે. ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે.સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે,ઈશ્વરનો અપ રોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે.તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું. એમ કહી શકતો નથી કે,હું ઈશ્વરને જાણતો નથી. પછી કંઈ કહેવા પણું રહેતું નથી. ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવભાવ ભૂલી ગઈ હતી.લાલા ની લાલી જોવા ગઈને હું યે લાલ લાલ થઈ ગઈ.આ ગોપીઓનો મનોભાવ છે. આ શુદ્ધ અદ્વૈત છે, ત્યાં હું નથી કે તું નથી. હું કે તુંનું અસ્તિત્વ જ રહેતું નથી. અસ્તુ.

### હાનિયા અંગે દિલજીતની પ્રતિક્રિયા

## દેશમાં યુદ્ધની સ્થિતિ, પરંતુ મ્યુઝિક જોડવાનું કામ કરે




પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતમાં પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે દિલજીત દોસાંઝની રિલીઝ થનારી ફિલ્મ 'સરદાર જી ૩'માં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર જોવા મળી રહી છે. જણાવી દઈએ કે હાનિયાએ 'ઓપરેશન સિંદૂર' પર ભારતની ટીકા પણ કરી હતી, જેના કારણે ભારતમાં તેનો ખૂબ વિરોધ થયો હતો. ગયા રવિવારે 'સરદાર જી ૩'નું ટ્રેલર રિલીઝ થયું, જેમાં હાનિયાને જોઈને લોકો ભડકી ઉઠ્યા અને દિલજીતને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કર્યા હતા. હવે આ સમગ્ર વિવાદ વચ્ચે દિલજીતે મોકળા મને વાત કરી છે. દિલજીતે એક યુ-ટ્યુબ ચેનલના પૉડકાસ્ટમાં કહ્યું હતું કે 'બે દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે અને આ બાબતો પર આપણો કોઈ કંટ્રોલ નથી. પણ મને લાગે છે કે મ્યુઝિક એકૈ એવી વસ્તુ છે જે દેશોને જોડી રાખે છે. હું મારી જાતને સુખી માનું છું કે હું એવા કામનો ભાગ છું જે દેશો વચ્ચે પ્રેમ ફેલાવે છે.'નોંધનીય છે કે પહલગામ હુમલા પછી આ ફિલ્મનો સતત વિરોધ થતા ફિલ્મના મેકર્સે ભારતમાં તેની રિલીઝને મોકૂફ રાખી છે. હવે આ ફિલ્મ ૨૭ જૂનના રોજ માત્ર ઓવરસીઝ ઓડિયન્સ માટે જ રિલીઝ કરવામાં આવશે. જણાવી દઈએ કે દર્શકોએ ફિલ્મનું ટ્રેલર ઈન્સ્ટાગ્રામ પર જ જોયું છે યુ-ટ્યુબ પર નહીં, કારણ કે ભારતમાં આ ફિલ્મને બ્લોક કરવામાં આવી છે.

# પંચાયત સીઝન ચાર મજબુત કલાકારો છતાં કાચી રહી ગઈ


**'પંચાયત સીઝન ૪'ના એપિસોડ્સ રીલિઝ થયા બાદ સોશિયલ મીડિયા પર તેની ખૂબ ચર્ચા થઈ રહી છે**

ઓટીટીની લોકપ્રિય સિરીઝ 'પંચાયત'ની ચોથી સીઝન આવી ગઈ છે. જેમાં જિતેન્દ્ર કુમાર, નીના ગુપ્તા, રઘુબીર યાદવ, ફૈઝલ મલિક, ચંદન રોય, સાન્વિકા, દુર્ગેશ કુમાર, સુનિતા રાજવાર અને પંકજ જ્હા સહીતના કલાકારો મહત્વના રોલમાં છે. આ સિરીઝની આગળની ત્રણ સીઝન જોતાં આ સીઝન પાસે દર્શકોને ઘણી અપેક્ષાઓ હતી. ખાસ કરીને ત્રીજી સીઝન એક ઈમોશનલ બાબત પર લટકતી રખાયા પછી દર્શકોને એવું લાગે છે કે આ સીઝનમાં આગળની સીઝન જેટલી પકડ નથી.ચોથી સીઝનમાં ફુલેરામાં મંજુ દેવી અને ક્રાંતિ દેવી વચ્ચે ચૂંટણીની સ્ટોરી છે, જેમાં બ્રીજ ભુષણ એટલે કે પ્રધાનજી અને બનરાકસ પણ ચૂંટણી પ્રચારમાં જોડાય છે અને તેમના ષડયંત્રો અને ચાલ, ટિકાઓ અને કટાક્ષો વચ્ચે સમગ્ર ગામમાં અંધાધુંધી મચે છે. પરંતુ આ વખતની સીઝનમાં નવી ઉર્જા લાવવાને બદલે વાર્તાનો પ્લોટ ખેંચાયેલો લાગે છે. સમગ્ર સીઝનના કેન્દ્રમાં ચૂંટણી જ છે, એ પણ પરિણામ વીનાની. કારણ કે છેલ્લો એપિસોડ અડધેથી અટકાવી દેવાયો છે, તેનો બીજો ભાગ હવે આગળની સીઝનમાં જ જોવા મળશે, ત્યાં સુધીમાં લોકોનો ઉત્સાહ ટકશે કે કેમ તે પણ પ્રશ્ન છે. આ ઉપરાંત આ સિરીઝના ફૅન્સને એવી પણ આશા હતી કે આ સીઝનમાં સચિવજી અને રિંકી વચ્ચે રોમાન્સ જોવા મળશે, એ બંનેની સ્ટોરી ક્યાંક આગળ વધશે, પરંતુ તેમાં પણ નિઃરાશા જ મળી છે. તેમના પાત્રો અને તેમનો સંબંધ પણ હતો ત્યાંનો ત્યાં જ છે. તે ઉપરાંત આગળની સિરીઝમાં પ્રધાનજી અને વિધાયકજી વચ્ચે ટક્કર થઈ હતી, તે પણ આ સિરીઝમાં આગળ વધશે એવી દર્શકોને આશા હતી, પરંતુ એ તો વાર્તા જ આ સીઝનમાં ભુલાઈ ગઈ છે. ગઈ સીઝનમાં છેલ્લે પ્રધાનજીને ગોળી વાગી હતી, તો એ અંગે પણ દર્શકોને આગળ જાણવાની ઈચ્છા હતી, પરંતુ એ વાત પણ જાણે આ સીઝનમાં ભુલાઈ જ ગઈ છે.આ સિરીઝની ખાસિયત સચિવજી, વિકાસ, પ્રહલાદ ચા અને પ્રધાનજી વચ્ચેની દોસ્તી હતી, એમાં પણ ખાસ ધ્યાન અપાયું નથી. તેમના એકસાથે હોય એવા સીન જ ઘણા ઓછા છે. વચ્ચે પ્રહલાદ ચા અને વિકાસ વચ્ચે એક ભાવુક વાત શરુ જરૂર થાય છે, પરંતુ એ પણ અધવચ્ચે છોડી દેવાય છે. આ વધી નિઃરાશાઓ વચ્ચે પણ લોકોને આ દમદાર કલાકારોના અભિનયમાં તો મજા આવી જ છે. સાથે એક નવો નાનો કલાકાર પણ આ સિરીઝ સાથે જોડાયો છે, તેની પણ ઘણી નોંધ લેવાઈ છે. તેથી ઘણા લોકોને એવું લાગે છે કે આ સીઝનમાં મેકર્સ તક ચુકી ગયા જેવું છે. ઈલેક્શનની વાત અને કલાકારોમાં કશું નવું ન મળતાં દર્શકો નિઃરાશ.




### સોનાક્ષી સિંહા તાજેતરમાં તેની ફિલ્મના પ્રમોશન માટે પહોંચી હતી

## 'સન ઓફ સરદાર ૨'માં મારી જરૂર નહી હોયઃ સોનાક્ષી સિંહા




સોનાક્ષી સિંહાએ તાજેતરમાં ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'માં કાસ્ટ ન થવા અંગે વાત કરી હતી.બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષી સિંહા આ દિવસોમાં તેની ફિલ્મ 'નિકિતા રોય' માટે સમાચારમાં છે. આ દિવસોમાં અભિનેત્રી તેનું જોરશોરથી પ્રમોશન કરી રહી છે. આ દરમિયાન, તેણીએ અજય દેવગનની ફિલ્મ 'સન ઓફ સરદાર ૨' વિશે વાત કરી. તે આ ફિલ્મમાં કેમ નથી તે પણ જણાવ્યું.સોનાક્ષી સિંહા તાજેતરમાં જ તેની ફિલ્મના પ્રમોશન માટે પહોંચી હતી. આ દરમિયાન,તેણીએ 'સન ઓફ સરદાર ૨' પર મૌન તોડ્યું. જ્યારે અભિનેત્રીને પૂછવામાં આવ્યું કે તે આ ફિલ્મમાં કેમ નથી. તો તેણીએ કહ્યું, 'હું આ વિશે શું કહી શકું, મેં આ ફિલ્મ બનાવી નથી, શક્ય છે કે કંઈક થશે અથવા ફિલ્મની વાર્તા અલગ હશે. એ પણ શક્ય છે કે મારા પાત્રની જરૂર ન હોય.જણાવી દઈએ કે 'સન ઓફ સરદાર' વર્ષ ૨૦૧૨ માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અજય દેવગન અને સોનાક્ષી સિંહાની જોડી જોવા મળી હતી. તે એક કોમેડી ડ્રામા ફિલ્મ હતી. જેણે બોક્સ ઓફિસ પર શાનદાર કલેક્શન કર્યું હતું. ફિલ્મમાં અજય અને સોનાક્ષીની જોડીને પણ દર્શકોએ પસંદ કરી હતી. બીજી તરફ, 'સન ઓફ સરદાર ૨' માં સોનાક્ષીની ગેરહાજરી ચાહકોને ખૂબ જ દુઃખી કરી રહી છે. એવા અહેવાલો છે કે પંજાબી અભિનેત્રી નીરુ બાજવા આ

### કોલર ટ્યુનમાં તમારો અવાજ સાંભળી થાકી ગયા

# યુઝર્સ મને નહી, સરકારને આ વાત કહોઃ અભિનેતા અમિતાભ બચ્ચન

**બિગ બીના અવાજમાં ફિશિંગ એલર્ટ કોલર ટ્યુન હાલમાં ભારતીય ફોન પર વગાડવામાં આવી રહી છે**

આજકાલ ફોન પર સાયબર ક્રાઈમ એલર્ટ કોલર ટ્યુનમાં અમિતાભ બચ્ચનનો અવાજ સંભળાય છે. આથી અમુક અળવીતરા લોકોએ તેમને ટ્રોલ કર્યા હતા અને કહ્યું કે હવે તો અમે થાકી ગયા, તે જ સમયે, બિગ બીએ આ અંગે તેમને ટ્રોલ કરનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે અને તેમની બોલતી બંધ કરી દીધી કે મને નહી, સરકારને કહો.હવે જ્યારે પણ આપણે કોઈને ફોન કરવા માટે આપણો ફોન ઉપાડીએ છીએ, ત્યારે આપણે સૌ પ્રથમ અમિતાભ બચ્ચનનો અવાજ સાંભળીએ છીએ, જે લોકોને સાયબર ક્રાઈમ વિશે જાગૃત કરે છે અને તેમને સાવચેત રહેવાની સલાહ આપે છે. તે જ સમયે, કેટલાક લોકોને દર વખતે ફોન કરતી વખતે બિગ બીનો અવાજ સાંભળીને બળતરા થવા લાગી છે, જેના કારણે કેટલાક લોકોએ આ માટે સોશિયલ મીડિયા પર સુપરસ્ટારને ટ્રોલ પણ કર્યા છે. તે જ સમયે, અમિતાભ બચ્ચને પણ ટ્રોલ થયા ત્યારે રમુજી રીતે પોતાની પ્રતિક્રિયા આપી છે.તમને જણાવી દઈએ કે બિગ બી ફક્ત તેમની ફિલ્મો માટે જ નહીં પરંતુ સોશિયલ મીડિયા પર સક્રિય રહેવા માટે પણ જાણીતા છે. તેઓ ઘણીવાર તેમના ચાહકોના પ્રશ્નોના જવાબ આપતા રહે છે, જ્યારે બિગ બી ટ્રોલ થવા પર પણ રમુજી રીતે પ્રતિક્રિયા આપે છે. તાજેતરમાં, અમિતાભ બચ્ચને પુત્ર અભિષેકની નવી ફિલ્મ 'કાલીધર લાપતા' ના ટ્રેલરને રીટ્વીટ કર્યું અને તેની પ્રશંસા કરી અને લખ્યું, ''હા સાહેબ, હું પણ એક ચાહક છું તો !!! ???'' આના પર, એક યુઝરે જવાબ આપ્યો, ''તો ફોન પર બોલવાનું બંધ કરોને ભાઈ'' બચ્ચને યોગ્ય જવાબ આપ્યો અને કહ્યું, ''સરકાર ભાઈને કહો, અમે તે કર્યું જે તેમણે અમને કહ્યું.બિગ બીના અવાજમાં ફિશિંગ એલર્ટ કોલર ટ્યુન હાલમાં ભારતીય ફોન પર વગાડવામાં આવી રહી છે. અભિનેતા વપરાશકર્તાઓને બેંક, આવકવેરા અધિકારીઓ અથવા અન્ય કોઈપણ સરકારી અધિકારી હોવાનો દાવો કરનારા લોકોના નકલી કોલ વિશે ચેતવણી આપે છે.અમિતાભ બચ્ચનના કાર્યક્ષેત્ર વિશે વાત કરીએ તો, પીઢ અભિનેતા છેલ્લે રજનીકાંતની એક્શન-ડ્રામા 'વેટ્ટૈયાં'માં જોવા મળ્યા હતા, જેનું દિગ્દર્શન ટીજે જ્ઞાનવેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સુબાસ્કરણ અલીરાજાહ દ્વારા નિર્મિત કરવામાં આવ્યું હતું. તેમની છેલ્લી પેન ઈન્ડિયા રિલીઝ નાગ અશ્વિનની સાયન્સ-ફિક્શન એક્શન-થ્રિલર 'કલ્કી ૨૮૯૮ એડી' હતી. જેમાં પ્રભાસ, દીપિકા પાદુકોણ, કમલ હાસન, દિશા પટણી અને અન્યોએ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી હતી. અમિતાભ બચ્ચન ટૂંક સમયમાં દીપિકા પાદુકોણ સાથે આર બાલ્કીન 'ધ ઈન્ટર્ન' રિમેકમાં જોવા મળશે. આ ફિલ્મ રોબર્ટ ડી નીરો-એન હેથવેની ૨૦૧૫ ની હોલીવુડ ફિલ્મનું સત્તાવાર રૂપાંતર છે.



## જયદીપે રણબીરની 'રામાયણ'માં વિભિષણ બનવાની ના પાડી

### દંગલ અને છિછોરે જેવી ફિલ્મ બનાવી ચૂકેલા નિતેશ તિવારીની આ રામાયણ બે ભાગમાં આવવાની છે

જયદીપ આહલાવત 'મહારાજ' ફિલ્મમાં એક ધર્મગુરુનો રોલ કરી ચુક્યો છે અને હવે તેને રણબીર કપૂરની 'રામાયણ'માં વિભિષણનો રોલ ઓફર થયો હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે સ્વીકાર્યું હતું કે આ વાત સાચી છે. નિકેશ તિવારીની બહુચર્ચિત 'રામાયણ' માં રણબીર કપૂર ભગવાન રામનો રોલ કરશે. આ અંગે જયદીપે કહ્યું હતું કે તેને આ ફિલ્મમાં વિભિષણનો રોલ ઓફર થયો હતો પરંતુ તેને આ રોલ જતો કરવો પડ્યો હતો કારણ કે તેની તારીખોનો મેળ બેસતો નહોતો.જયદીપે જણાવ્યું કે તેણે રાવણનો રોલ કરી રહેલા યશ સાથે ઘણા સીન શૂટ કરવાના હતા અને ફિલ્મની ટીમ ચોક્કસ તારીખોમાં ચોક્કસ સમયે જ શૂટ કરી રહી છે. જયદીપે કહ્યું, ''ઓફર થઈ હતી. પણ ટાઈમિંગ મેચ થાય એવું નહોતું.'' તેણે કહ્યું કે વિભિષણ અને રાવણ વચ્ચેના સીન ફિલ્મમાં ઘણા મહત્વના હતા.જયદીપે કહ્યું, ''મને લાગે છે, કેજીએફવાળા યશ ફિલ્મ કરી રહ્યા છે.'' જયદીપે એવું પણ કહ્યું કે રાવણનું શિડ્યુલ વધુ મહત્વનું હતું. તેથી ટીમ તેના વિના જ આગળ વધે તે મહત્વનું હતું. જયદીપે કહ્યું, ''મને વિશ્વાસ છે કે મારા કરતાં રાવણની તારીખો વધુ મહત્વની હશે.''દંગલ અને છિછોરે જેવી ફિલ્મ બનાવી ચૂકેલા નિતેશ તિવારીની આ રામાયણ બે ભાગમાં આવવાની છે. જેમાં રણબીર કપૂર બગવાન રામનો, સાઈ પલ્લવી સીતાનો, યશ રાવણનો રોલ કરે છે. સન્ની દેઓલ આ ફિલ્મમાં હનુમાનનો રોલ કરશે, રવિ દુબે લક્ષ્મણનો રોલ કરશે, લારા દત્તા કૈકેયીનો રોલ કરશે, રકુલપ્રીત સિંહ શુરપંખા, કાજલ અગ્રવાલ મંદોદરીનો રોલ કરશે. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે. મોટા બજેટ પર આ ફિલ્મના બે બાગ તૈયાર થશે.

### નિતિશ તિવારીની રામાયણમાં સની દેઓલ હનુમાનના રોલમાં જોવા મળશે

## ફિલ્મમાં અભિનેતા સની દેઓલ હનુમાન બનવામાં નર્વસ થયો



'લાહોર ૧૯૪૭' વિશે વાત કરતા સની દેઓલે કહ્યું કે આમિર ખાને તેનો સામેથી સંપર્ક કર્યો હતો

સની દેઓલની 'ગદર ૨'ને મળેલી અણધારી સફળતા અને પછી મૈથરી મુવીઝની 'જાટ'ને મળેલી સફળતાથી તેની જાણે બીજી ઈનિંગ શરૂ થઈ છે. હવે તેના ફૅન્સને તેની આવનારી ફિલ્મો બાબતે પણ ઘણી ઈન્તેઝારી છે. હવે તેની 'લાહોર ૧૯૪૭' અને 'રામાયણ' ફિલ્મ આવશે. ત્યારે તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં સની દેઓલે હનુમાનના રોલ વિશે અને લાહોર તેને કઈ રીતે મળી એ અંગે વાત કરી હતી.'લાહોર ૧૯૪૭' વિશે વાત કરતા સની દેઓલે કહ્યું કે આમિરે તેનો સામેથી સંપર્ક કર્યો હતો. તેણે કહ્યું, ''આ વિષય મારા અને લાહોરના ડિરેક્ટર રાજકુમાર સંતોષીના મનમાં ઘણા વર્ષોથી હતો. અમે ઘણા વર્ષોથી આના પર ફિલ્મ બનાવવા માગતા હતા, પરંતુ એ શક્ય બનતું નહોતું. ગદર ૨ પછી એ શક્ય બન્યું અને આમિર સીધો જ મારી પાસે આવ્યો અને કહ્યું કે એને આ ફિલ્મ કરવી છે અને હું બહુ ખુશ થઈ ગયો.''સની દેઓલે આગળ કહ્યું, ''મેં અને રાજે ભુતકાળમાં ત્રણ ફિલ્મો કરી છે, જેમાં પાત્રોનું ઊંડાણ હતું અને ઉત્કટ લાગણીઓ હતી. આ વિષય પણ બિલકુલ એવો જ છે. આ એક નાટક છે, જેના પરથી ફિલ્મ બની રહી છે, અમે બહુ જલ્દી આ ફિલ્મ બનાવીને રિલીઝ કરીશું. અમે બસ આમિરની ફિલ્મ રિલીઝ થાય એની રાહ જોતાં હતાં.''જ્યારે નિતિશ તિવારીની રામાયણમાં હનુમાનનો રોલ કરવા અંગે નર્વસ હોવાની વાત પણ કરી હતી. સની દેઓલે કહ્યું, ''હા હું એ રોલ કરું જ છું અને તેના માટે ઉત્સુક અને ખુશ પણ છું. બહુ જલ્દી એનું શૂટ શરુ કરીશ. મને લાગે છે એ ફિલ્મ જોરદાર અને સુંદર હશે. હાલ તો હું બસ જઈશ અને તેમણે જે કર્યું છે એ જોઈશ. આવું પાત્ર કરવામાં થોડો ડર અને નર્વસનેસ તો કાયમ હોય જ. પણ મજાની વાત જ એ છે કારણ કે તમારે તમારી જાતે શોધવું પડશે કે તમે આ પડકારને કઈ રીતે લેશો.''સનીએ આ ફિલ્મના મોટા બજેટ અને ખર્ચ અંગે પણ વાત કરી હતી, તેણે કહ્યું, ''મને વિશ્વાસ છે કે પ્રોડ્યુસર્સ બહુ સારું કામ કરશે કારણ કે એમને જ કાલ્પનિક અને દૈવી બાબતો પડદા પર યોગ્ય રીતે બતાવવાની છે. મને આશા છે કે એમાં હોલિવૂડ ફિલ્મથી કંઈ જ ઉતરતું નહીં હોય. રામાયણ ઘણી વખત બની છે અને જ્યારે આ ફિલ્મ પદા પર આવશે તો બધા કલાકારોએ જે રીતે કામ કર્યું છે, તે આ મહાકથાને ન્યાય કરશે અને લોકોને પણ આ જોઈને સંતોષ થશે અને મજા આવશે.'' આ સાથે સની દેઓલે રનબીર કપૂર સાથે કામ કરવાના અનુભવની વાત કરીને તેના વખાણ પણ કર્યા હતા. તેણે કહ્યું, ''એ બહુ સારો કલાકાર છે એટલે કામ કરવાની બહુ મજા આવશે. તે જે ફિલ્મ હાથમાં લે તેના માટે સંપુર્ણ સમર્પિત હોય છે.'' આ ફિલ્મ ૮૩૫ કરોડના બજેટ સાથે બે ભાગમાં બની રહી છે.



# હું બસ એને હસતી જોવા માગું છું : વિકી કૌશલ

**વિકી કૌશલ માટે પ્રેમ જાહેર કરવા માટે કશું મોટું અને ખર્ચાળ કરવું એ પ્રેમ નથી**

ફિલ્મ ઈન્ડસ્ટ્રીની છાપ એવી છે કે, ત્યાં સંબંધો બહુ લાંબા ટકતા નથી કે પછી ગમે ત્યારે બદલાઈ જાય છે. તેમાં કેટરીને કૈફ અને વિકી કૌશલ એવા છે કે તેઓ બંને તેમની અંગત પણ રહી શકે છે અને સાથે સાથે અન્યોને પ્રેરણા પણ આપતાં રહ્યાં છે. એક રીતે તેઓ બંને પોતાના અંગત સંબંધને અંગત પણ રાખે છે અને છતાં ક્યારેક તેઓ પોતાના જીવનની ઝલક જાહેરમાં પણ આપતાં રહે છે, ખાસ કરીને વિકી કૌશલ કેટરિના માટેની લાગણીઓ જાહેરમાં વ્યક્ત કરતો રહે છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં વિકીએ, તેને લગ્ન સંબંધમાં ખરેખર શું મહત્વનું છે તે અંગે વાત કરી હતી. જેમાં તેણે પોતાની એક સરળ અને મૂળભુત ઈચ્છાની વાત કરી હતી - જે છે, તેની પત્નીને ખુશ રાખવી. વિકીએ કહ્યું, ''હું બસ તેને હસતી જોવા માગું છું, મારા માટે એ જ સૌથી મહત્વનું છે.'' વિકીના આ શબ્દો જ બતાવે છે કે તે કેટરિનાને કેટલો પ્રેમ કરે છે અને બાકીની બધી જ બાબતો ઉપર તે લાગણીઓને મહત્વ આપે છે.આગળ આ વાતે વધુ સ્પષ્ટતા કરતા વિકીએ એવું પણ કહ્યું કે કેટરિના ક્યાં છે કે શું કરે છે, તે અંગે તેની ચિંતા નથી હોતી પરંતુ તે શું અનુભવી રહી છે, તે મહત્વનું છે. વિકીએ કહ્યું, ''તે ગમે ત્યાં હોય કે માનસિક રીતે જે પણ સ્થિતિમાં હોય, હું બસ એટલું જ ઈચ્છું છું કે એ ખુશ રહે. હું બસ ઈચ્છું છું કે એ એવી વ્યક્તિ બની રહે જે બસ મનથી ખુશ હોય.''વિકી માટે પ્રેમ જાહેર કરવા માટે કશું મોટું અને ખર્ચાળ કરવું એ પ્રેમ નથી કે બધી જ સમસ્યાઓનો અંત લાવી દેવો એ પ્રેમ નથી પરંતુ કેટરિનાનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે તેનાથી થઈ શકે તે બધું કરવું એ પ્રેમ છે. વિકી કહે છે, ''મને જ્યારે લાગે કે એ મનથી ખુશ નથી, હું ત્યારે બીજી કોઈ બાબત વિશે પરવા કરતો નથી. પછી ભલે હું કોઈ સમસ્યાનું નિરાકરણ ન લાવી શકું પણ હું બસ એટલું જ ઈચ્છું કે એ હસતી રહેવી જોઈએ, બસ - મારા માટે એટલું જ મહત્વનું છે.''વિકીએ એવું પણ કબૂલ્યું કે દરેક વખતે તેને આવું કરવામાં સફળતા ન પણ મળે, પરંતુ તેનો પ્રયત્ન અને તેનો ઈરાદો મહત્વનો છે. ''તમે બસ પ્રયત્ન કરતા રહો, હું એટલું જ વિચારું છું. મારા માટે પણ આ બહુ ઈવોલ્વિંગ જર્ની રહી છે.''દુનિયામાં સામાન્ય રીતે લોકોને દેખાવ અને પર્ફેક્શન મહત્વનાં લાગે છે, ત્યારે વિકી કૌશલના શબ્દો દર્શાવે છે કે સંબંધો કરુણા, પ્રયત્ન અને તમારા પાર્ટનરને ખરેખર ખુશ જોવાની ઈચ્છાથી મજબુત બને છે. કેટરિનાએ ફિલ્મોમાંથી બ્રેક લીધો છે અને પોતાની કોસ્મેટિક કંપની પર ધ્યાન આપી રહી છે. જ્યારે વિકીએ તાજેતરમાં કૅરિઅરની સૌથી સફળ ફિલ્મ આપી છે. હવે તે સંજય લીલા ભણસાલીની લવ એન્ડ વૉરમાં આલિયા ભટ્ટ અને રણબીર કપૂર સાથે કામ કરી રહ્યો છે.

# જગદીશભાઈ મકવાણાનાં અધ્યક્ષસ્થાને કટોકટીની ઘોષણાના ૫૦ વર્ષની પૂર્ણતા નિમિત્તે 'સંવિધાન હત્યા દિવસ ૨૦૨૫'નો કાર્યક્રમ યોજાયો



। (માહિતી) ભરૂચ, તા.૨૫ ।

ભારતીય લોકતંત્રનો કાળો અધ્યાય એટલે કટોકટી લગાવ્યાના ૫૦ વર્ષની પૂર્ણતાના અવસરે, તા.૨૫મી જૂન 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે સંવિધાન અને લોકશાહીના મૂલ્યોના જતન માટે, ભરૂચ જિલ્લાના મુખ્ય મથક ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેંક લી. ભરૂચ ખાતે સાંસદશ્રી મનસુખભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને અધ્યક્ષસ્થા ને 'સંવિધાન હત્યા દિવસ' કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ૨૫ જૂન ૧૯૭૫ ના રોજ દેશમાં અમલમાં મુકાયેલ આંતરીક કટોકટીની સ્થિતિમાં કાયદાનો દુરઉપયોગ કરીને તત્કાલીન સરકાર દ્વારા હજારો લોકો, સામાજિક કાર્યકરો, લોક નેતાઓ અને સામાન્ય નાગરિકોને જેલમાં નાંખવામાં આવ્યા હતા.કટોકટી લાદવામાં આવી તેના કારણે ભારતની લોકશાહી ખતરામાં મૂકાઈ હતી. જેને આપણે સખત શબ્દોમાં વખોડી કાઢવા માટે આજના દીવસને સરકારે સંવિધાન હત્યા દીવસ જાહેર કર્યો છે. વધુમાં, મિસા કાયદા અંગે જણાવ્યું હતું કે, મેઈન્ટેનન્સ ઑફ ઈન્ટર્નલ સિક્યુરિટી એક્ટ (MISA) (ભારતની આંતરિક સલામતી માટેનો કાયદો) ૧૯૭૧માં ભારતમાં અમલમાં આવ્યો હતો. આ તકે, ધારાસભ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા આપતકાલ (કટોકટી) ના ૫૦ વર્ષની યાદમાં રાજયકક્ષા નો સંવિધાન હત્યા દિવસ કાર્યક્રમ ગાંધીનગર ટાઉન હોલ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેનું જીવંત પ્રસારણ ઉપસ્થિત નાગરિકોએ નિહાળ્યું હતુ.

આ અવસરે કટોકટીકાળ દરમિયાન ફિલ્મ પર પ્રતિબંધ, પત્રકાર ધરણાંઓ, નાગરિકોની સમસ્યાઓ સહિત કટોકટીની ઘટનાનો તબક્કાવાર ઘટનાક્રમ તેમજ સેંગોંગ અને બંધારણની પ્રતિકૃતિઓનું પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. જેને કલેક્ટરશ્રી સહિતના મહાનુભાવોએ નિહાળ્યું હતું.

મહાનુભાવો અને અધિકારીઓએ સિગ્નેચર કેમ્પેઈનમાં સહી કરી હતી. આ પ્રસંગે, ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી, ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, નગરપાલીકા પ્રમુખ વિભૂતી યાદવ, જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસે, સરકારી વકીલ, આસિ.પબ્લિક પ્રોસિક્યુટર સહિત જિલ્લાના અગ્રણીઓ, અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# આણંદ ટાઉન હોલ ખાતે ઉજવાયો સંવિધાન હત્યા દિવસ



। (માહિતી) આણંદ, તા.૨૫ ।

આજથી ૫૦ વર્ષ પહેલા દેશમાં સેન્સરશિપ લગાડવામાં આવી હતી. જે લોકશાહીને ખતમ કરવા માટેનો પ્રયાસને સંવિધાન હત્યા દિવસ ગણવામાં આવે છે.

સંવિધાન હત્યા દિવસ અંતર્ગત આણંદના ટાઉનહોલ ખાતે બંધારણની જાળવણી અને લોકશાહીના જતન માટે જનજાગૃતિ કેળવવા માટેનો કાર્યક્રમ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષપદે યોજાયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રીએ જણાવ્યું કે, ૧૯૭૫ માં તત્કાલિન સરકારે કટોકટી લાદી હતી. જેને ૫૦ વર્ષ પૂરા થયા છે. કટોકટીના આ સમયને ધ્યાને લેતા ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી પેઢીને સંદેશ મળે તે માટે આજના દિવસની સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવણી કરવાની શરૂઆત કરી છે.

તેમણે મહામૂલા સંવિધાનને સાચવવા માટે આજના યુવાનોએ નૈતિક જવાબદારી નિભાવવાની છે, તેમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજયકક્ષાના કાર્યક્રમના જીવંત પ્રસારણને ઉપસ્થિત સર્વેએ નિહાળ્યું હતુ. આ તકે ભારતીય ઈતિહાસના આ અંધકારમય સમયગાળાની વાસ્તવિકતા દર્શાવતી ટુંકી ફિલ્મ અને પ્રદર્શન પણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. આ પ્રસંગે અગ્રણી સંજયભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતુ. આ વેળાએ સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સવશ્રી યોગેશભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ પટેલ, શ્રી ચિરાગભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરી, આણંદ મ્યુનિસિપલ કમિશનર શ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટર શ્રી આર. એસ. દેસાઈ સહિત મોટી સંખ્યામાં નગરજનો તથા વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વાપીમાં લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલ પટેલના અધ્યક્ષસ્થાને સંવિધાન હત્યા દિવસની ઉજવણી

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું



। (માહિતી) વલસાડ, તા.૨૫ ।

દેશમાં કટોકટી લગાવ્યાના ૫૦ વર્ષ પૂર્ણ થયાના અવસરે સંવિધાન હત્યા દિવસ – ૨૦૨૫ નિમિત્તે સંવિધાન અને લોકશાહીના મૂલ્યોના જતન માટેનો કાર્યક્રમ લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તા. ૨૫ જૂને બુધવારે વાપીના નામધા ખાતે રોફેલ કોલેજના કેમ્પસમાં પદ્મભૂષણશ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરીયમ ખાતે યોજાયો હતો. નવી પેઢીના યુવાનોને આજથી ૫૦ વર્ષ પૂર્વે લાદવામાં આવેલી કટોકટી (ઈમરજન્સી) વિશે ખ્યાલ આવે અને દેશના ઈતિહાસના કાળા દિવસને જાણી શકે તે માટે દેશભરમાં સંવિધાન હત્યા દિવસની ઉજવણી થઈ હતી. જે અનુસંધાને વાપી ખાતે જિલ્લા કક્ષાની ઉજવણીમાં યુવા પેઢીને સંબોધિત કરતા સાંસદશ્રીએ જણાવ્યું કે, તા. ૨૫ જૂન ૧૯૭૫ના દિવસે ભારતીય લોકતંત્રનો કાળો અધ્યાય લખાયો હતો. અત્યારે આપણા દેશમાં મજબૂત લોકતંત્ર છે. દરેક લોકો પોતાનો અવાજ સ્વતંત્રતાથી ઉઠાવી શકે છે પરંતુ ૫૦ વર્ષ પહેલા આ શક્ય ન હતું. તે સમયના તત્કાલિન વડાપ્રધાનશ્રી ઈન્દિરા ગાંધીએ દેશમાં આંતરિક અશાંતિ હોવાનું કારણ આપી ઈમરજન્સી લાદી હતી. તે સમયે દેશમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારી સહિતના પ્રશ્નો ઉભા થયા હતા. દેશભરમાં ઈન્દિરા સરકાર સામે ગુસ્સાનો માહોલ હતો. જે પણ અન્યાય સામે પોતાનો અવાજ ઉઠાવતા હતા તેવા રાજકીય, સામાજિક આગેવાનો અને પત્રકારો મળી અનેક લોકોને મેઈન્ટેનન્સ ઓફ ઈન્ટરનલ સિક્યુરિટી એક્ટ (મીસા) લાગુ કરી જેલમાં પુરી દીધા હતા. મીડિયા સરકારની આલોચના પણ કરી શકતી ન હતી. સરકાર વિરૂધ્ધ લખવા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો હતો.

વધુમાં તેમણે જણાવ્યું કે, ઈમરજન્સી સમયે જે લોકો જેલમાં બંધ હતા તેમના પરિવારમાં કોઈનું મૃત્યુ થતુ તો તેમને બહાર પણ નીકળવા દેવામાં આવ્યા ન હતા. આવા સમયે લડતમાં વલસાડ જિલ્લો પણ બાકી રહ્યો ન હતો. તે સમયના ૧૬ જેટલા નેતાઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યુ હતું. બાહોશી અને હિંમતથી કટોકટી સમયે લડેલા આ લડવૈયા દેશ માટે પ્રેરણારૂપ છે.

સાંસદશ્રીએ વધુમાં જણાવ્યું કે, તે સમયે ''ઈન્દિરા એટલે ઈન્ડિયા અને ઈન્ડિયા એટલે ઈન્દિરા''. માત્ર એક જ વ્યકિત દેશમાં સર્વોપરી હતી. જયારે આજે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સૌને સાથે લઈ સૌનો વિકાસ કરી રહ્યા છે. લોકોનું જીવન સ્તર કેવી રીતે સમૃધ્ધ બને તે માટે દિવસ રાત મહેનત કરી રહ્યા છે. વર્ષ ૨૦૪૭માં આપણી આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે ત્યાં સુધીમાં આપણો દેશ વિકસિત રાષ્ટ્ર બનશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યુ હતું. કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. સ્વાગત પ્રવચન વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર આસ્થા સોલંકીએ કર્યુ હતું. આ ઉજવણીમાં જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્મા, વાપી મનપાના ડેપ્યુટી કમિશનર અશ્વિન પાઠક, જિલ્લા સંગઠનના મહામંત્રી કમલેશ પટેલ અને શિલ્પેશ દેસાઈ સહિતના અગ્રણીઓ અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને સંવિધાન અને લોકશાહીના મૂલ્યોના જતન માટે 'સંવિધાન હત્યા દિવસ'ના કાર્યક્રમનું કરાયુ આયોજન

## ભરૂચની ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેન્ક લી. ભરૂચ ખાતે 'સંવિધાન હત્યા દિવસ'નો કાર્યક્રમ યોજાયો





। (માહિતી) ભરૂચ, તા.૨૫ ।

ભારતીય લોકતંત્રનો કાળો અધ્યાય એટલે કટોકટી લગાવ્યાના ૫૦ વર્ષની પૂર્ણતાના અવસરે, તા.૨૫મી જૂન 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે સંવિધાન અને લોકશાહીના મૂલ્યોના જતન માટે, ભરૂચ જિલ્લાના મુખ્ય મથક ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેંક લી. ભરૂચ ખાતે સાંસદશ્રી મનસુખભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને અધ્યક્ષસ્થા ને 'સંવિધાન હત્યા દિવસ' કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ૨૫ જૂન ૧૯૭૫ ના રોજ દેશમાં અમલમાં મુકાયેલ આંતરીક કટોકટીની સ્થિતિમાં કાયદાનો દુરઉપયોગ કરીને તત્કાલીન સરકાર દ્વારા હજારો લોકો, સામાજિક કાર્યકરો, લોક નેતાઓ અને સામાન્ય નાગરિકોને જેલમાં નાંખવામાં આવ્યા હતા.કટોકટી લાદવામાં આવી તેના કારણે ભારતની લોકશાહી ખતરામાં મૂકાઈ હતી. જેને આપણે સખત શબ્દોમાં વખોડી કાઢવા માટે આજના દીવસને સરકારે સંવિધાન હત્યા દીવસ જાહેર કર્યો છે. વધુમાં, મિસા કાયદા અંગે જણાવ્યું હતું કે, મેઈન્ટેનન્સ ઑફ ઈન્ટર્નલ સિક્યુરિટી એક્ટ (MISA) (ભારતની આંતરિક સલામતી માટેનો કાયદો) ૧૯૭૧માં ભારતમાં અમલમાં આવ્યો હતો. આ તકે, ધારાસભ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ગુજરાત સરકાર દ્વારા આપતકાલ (કટોકટી) ના ૫૦ વર્ષની યાદમાં રાજયકક્ષા નો સંવિધાન હત્યા દિવસ કાર્યક્રમ ગાંધીનગર ટાઉન હોલ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેનું જીવંત પ્રસારણ ઉપસ્થિત નાગરિકોએ નિહાળ્યું હતુ. આ અવસરે કટોકટીકાળ દરમિયાન ફિલ્મ પર પ્રતિબંધ, પત્રકાર ધરણાંઓ, નાગરિકોની સમસ્યાઓ સહિત કટોકટીની ઘટનાનો તબક્કાવાર ઘટનાક્રમ તેમજ સેંગોંગ અને બંધારણની પ્રતિકૃતિઓનું પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. જેને કલેક્ટરશ્રી સહિતના મહાનુભાવોએ નિહાળ્યું હતું. મહાનુભાવો અને અધિકારીઓએ સિગ્નેચર કેમ્પેઈનમાં સહી કરી હતી. આ પ્રસંગે, ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી, ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, નગરપાલીકા પ્રમુખ વિભૂતી યાદવ, જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસે, સરકારી વકીલ, આસિ.પબ્લિક પ્રોસિક્યુટર સહિત જિલ્લાના અગ્રણીઓ, અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# બોટાદ ખાતે રાજ્ય સભાના સાંસદશ્રી રામભાઈ મોકરીયાના અધ્યક્ષસ્થાને 'સંવિધાન હત્યા દિવસ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

। (માહિતી) બોટાદ, તા.૨૫ ।

આજથી બરાબર ૫૦ વર્ષ પહેલા દેશમાં લદાયેલી કટોકટી અને તેનાથી બંધારણ પર થયેલા અન્યાયને યાદ અપાવવા રાજ્યભરમાં ઉજવાઈ રહેલા 'સંવિધાન હત્યા દિવસ'ની ઉજવણી અંતર્ગત બોટાદ જિલ્લામાં પર રાજ્યસભાના સાંસદશ્રી રામભાઈ મોકરીયાના અધ્યક્ષસ્થાને આદર્શ શૈક્ષણિક સંકુલ ખાતે ''લોંગ લીવ ડેમોક્રેસી યાત્રા'' હેઠળ ''સંવિધાન હત્યા'' દિવસ મનાવાયો હતો.

આ અવસરે રાજ્યસભાના સાંસદશ્રી રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે, ''૧૯૭૫ની કટોકટી માત્ર એક રાજકીય નિર્ણય નહોતો, પરંતુ તે ભારતનાં સંવિધાન અને લોકશાહીનાં મૂલ્યો પર સીધો પ્રહાર હતો. આપણા સંવિધાન પર પ્રહાર હતો. કટોકટી દરમિયાન પ્રેસની સ્વતંત્રતા સંપૂર્ણપણે છીનવી લેવામાં આવી હતી. વિરોધ પક્ષનાં નેતાઓ પર જુલમો કરવામાં આવ્યાં હતાં તેઓને કોઈ કારણ વગર જેલમાં મોકલી દેવામાં આવ્યાં હતાં. લોકશાહીનો અવાજ દબાવી દેવામાં આવ્યો હતો. નાગરિકોનાં મૂળભૂત અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા. તે સમયે આપણાં અનેક નાગરિકોએ, ખાસ કરીને યુવાનો, વિદ્યાર્થીઓ અને સમાજ સુધારકોએ, પોતાનાં અધિકારો અને લોકશાહીનાં રક્ષણ માટે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે લોકશાહીનાં નવસર્જન માટે પોતાનું સર્વસ્વ હોમી દીધું હતું.'' વધુમાં સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ''૫૦ વર્ષનાં આ સમયગાળામાં, ભારતીય લોકશાહીએ ઘણાં ઉતાર-ચઢાવ જોયા છે, અને આજે આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહીનું સ્થાન ધરાવીએ છીએ અને આપણું સંવિધાન આપણું માર્ગદર્શક રહ્યું છે. આપણાં રાષ્ટ્રનાં વિકાસનાં પથ પર, લોકશાહીએ હંમેશાં આપણને બળ પૂરું પાડ્યું છે. તેમ છતાં, ૧૯૭૫નો પ્રસંગ આપણને યાદ અપાવે છે કે લોકશાહીને સતત રક્ષણ અને સંવર્ધનની જરૂર છે.લોકલાડિલા અને ગુજરાત નાં પનોતા પુત્ર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લોકતંત્રને મજબૂત બનાવવાની જવાબદારી આપણા સૌની છે.

# સુરત શહેરમાં ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સફાઈ ઝુંબેશ

## ૧૯૬૨ સફાઈ કામદારો 10 JCB, ૨૭ ટ્રક વડે અસરગ્રસ્ત વિસ્તારમાં સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવી



। (માહિતી) વલસાડ, તા.૨૫ ।

સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી અનરાધાર વરસાદ વરસ્યો હતો. શહેરના નીચાણવાળા ભાગોમાં પાણી ભરાતા પાણી નિકાલની કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદના કારણે શહેરના વરાછા ઝોન-એ ના સણીયા હેમાદ, પુણા, કાપોદ્રા, વરાછા ઝોન-બી ના સરથાણા, સીમાડા, રાંદેર ઝોનના પાલનપુર અને પાલ, કતારગામ ઝોનના કતારગામ, ડભોલી, છાપરાભાઠા, ઉધના ઝોન-એ ના ઉધના સંઘ, સોનલ ભેદવાડ, મીરાનગર, ઉધના ઝોન-બી ના કનસાડ ગામ, લિંબાયત ઝોનના મીઠી ખાડી, આંજણા, ઉમરવાડા, પરવત તેમજ અઠવા ઝોનના રસુલાબાદના વિસ્તારોમાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા.

પાણી ઓસરતા આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે તાત્કાલિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં આરોગ્ય વિભાગના ૨૨૮ સુપરવાઈઝરોના સઘન મોનિટરિંગ અને સુપરવિઝન હેઠળ ૧૯૬૨ સફાઈ કામદારો ૧૦ JCB, ૨૭ ટ્રક વડે અસરગ્રસ્ત વિસ્તારમાં સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી, જેમાં કુલ ૯૪.૬૭ મેટ્રિક ટન ઘન કચરાનો નિકાલ કરી, ૫૦૩૮ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.અસરગ્રસ્ત વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા ૯૪૫૦ ફૂડ પેકેટ, ૪૬૨૦ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. અસરગ્રસ્ત વિસ્તારો તથા શેલ્ટર હોમમાં ૪૮ રેપિડ રિસ્પોન્સ ટીમ મારફત આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં ૧૬૦ સર્વેલન્સ વર્કર દ્વારા ૨૯,૦૪૬ વસ્તીનો સર્વે કરી ૧૩,૬૩૬ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરાયું હતું. તેમજ તાવના ૩૬, ઝાડા-ઉલટી ૧૦ અને અન્ય ૧૦૯ દર્દી મળી કુલ ૧૫૫ લોકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. તેમજ આ વિસ્તારોમાં આરોગ્યલક્ષી શિક્ષણ જેમ કે વ્યકિતગત સ્વચ્છતા, પાણીને ઉકાળીને પીવુ ક્લોરીનયુક્ત પાણી પીવાની સમજણ અપાઈ હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજે આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જઈ શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે. જીવન ની પરેશાની વચ્ચે આજે તમને તમારા બાળકો માટે સમય મળશે.

### મિથુન (ક,છ,ઘ) :

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. આજે તમારા કામની સરાહના થશે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. આ સારો સમય છે જે તમારી માટે સફળતા અને ખુશીઓ લાવશે, તેનું શ્રેય તમારા પરિવારના સભ્યોએ કરેલા પ્રયાસો તથા આપેલા સહકારને જાય છે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે, જે તમારામાં શક્તિનો સંચાર કરશે તથા તમને જુસ્સાથી ભરી મુકશે. વિકાસ અને સમૃદ્ધિ માટે સંબંધીઓ નવા પ્રસ્તાવો લાવી શકે છે.

### તુલા (ર,ત) :

આજના દિવસે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.

### વૃશ્ચિક (ન,ય) :

આજે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પેહલા જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ.બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો.

### મકર (ખ,જ) :

આજે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે -જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

### કુંભ (ગ,શ,સ) :

આજે તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમારા માટે આનંદથી ભરેલો સારો દિવસ છે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે.

# મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરી પ્રેસની સ્વતંત્રતા ખતમ કરવામાં આવી હતી

## કટોકટીના ૫૦ વર્ષ પૂરા થવા અંગે મોદીનું નિવેદન, અનેક રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને જેલ ભેગા કર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દેશમાં આજથી ૫૦ વર્ષ પહેલાં કટોકટી લાદવામાં આવી હતી. કેન્દ્ર સરકાર આજે ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે દેશની સ્વતંત્રતા બાદના ઈતિહાસના સૌથી કાળા પ્રકરણો પૈકી એક કટોકટીને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવશે. ગતવર્ષે ૨૦૨૪માં કેન્દ્ર સરકારે ૨૫ જૂન, ૧૯૭૫માં લાદવામાં આવેલી કટોકટીના દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર રીતે જાહેરાત કરી હતી. આ દિવસને યાદ કરતાં વડાપ્રધાન મોદીએ આજે X પર પોસ્ટ કરી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે X પર પોસ્ટ કરી હતી કે, આજે ભારતના લોકતંત્રના ઈતિહાસમાં સૌથી કાળા અધ્યાયો પૈકી એક કટોકટીને ૫૦ વર્ષ પૂરા થયા છે. દેશના લોકો આ દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે માને છે. આ દિવસે ભારતના બંધારણના મૂલ્યોની અવગણના કરવામાં આવી હતી. મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરી પ્રેસની સ્વતંત્રતા ખતમ કરવામાં આવી હતી. અનેક રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ, અને સામાન્ય નાગરિકોને જેલ ભેગા કર્યા હતા. તે સમયે શાસન કરી રહેલી કોંગ્રેસ સરકારે લોકતંત્રને બંધક બનાવ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું હતું કે, અમે કટોકટી વિરૂદ્ધ લડાઈમાં અડગ રહેનારા દરેક વ્યક્તિને સલામ કરીએ છીએ. આખા ભારતમાંથી, દરેક ક્ષેત્રમાંથી, અલગ-અલગ વિચારધારાઓમાંથી લોકો આવ્યા હતાં. જેમનો એક જ ઉદ્દેશ હતો એકબીજા સાથે મળીને કામ કરવું. ભારતના લોકશાહી ઢાંચાની રક્ષા કરવી અને તેના આદર્શોને જાળવી રાખવા. તેના માટે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આ તેમનો સામૂહિક સંઘર્ષ હતો. જેના લીધે તે સમયની કોંગ્રેસ સરકારે લોકશાહીની પુનઃસ્થાપના કરવી પડી. નવેસરથી ચૂંટણી કરાવવી પડી અને તેમાં કારમી હારનો સામનો કર્યો. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આપણે આપણા બંધારણના સિદ્ધાંતોને મજબૂત કરવા અને વિકસિત ભારતના સપનાને સાકાર કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ. અમે નવા વિકાસની ઊંચાઈઓએ પહોંચ્યા છીએ. ગરીબ અને વંચિતોનું સપનું પૂરુ કરીએ. અનેક રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ, અને સામાન્ય નાગરિકોને જેલ ભેગા કર્યા હતા. વડાપ્રધાન મોદી કટોકટી દરમિયાન યુવાવસ્થામાં હતા. આ દરમિયાન તેમણે પોતાની ભૂમિકા અને પોતાના મિત્રોના અનુભવોના આધારે એક પુસ્તક લખ્યું છે.



### ન્યૂઝ બ્રિફ

### પંજાબના પૂર્વ મંત્રી વિક્રમ સિંહ મજીઠિયાની ધરપકડ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૫ ।

શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા અને પંજાબના પૂર્વ મંત્રી વિક્રમ સિંહ મજીઠિયાની અમૃતસર સ્થિત તેમના ગ્રીન એવન્યુ વાળા ઘરેથી ધરપકડ કરી લેવામાં આવી છે. આજે સવારે વિઝિલન્સની ટીમ દરોડા પાડવા પહોંચી હતી. આ દરોડાની કાર્યવાહીના કલાકો બાદ તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ડ્રગ્સની તસ્કરીના મામલે મજીઠિયાના ઘરની તપાસ કરવામાં આવી રહી હતી. ટીમે ઘણા દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આવક કરતા વધુ સંપત્તિના મામલે તેમની ધરપકડ કરવામાં આવી છે. મજીઠિયા શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલના સાળા છે. અહેવાલ પ્રમાણે મજીઠિયાને મોહાલી લઈ જવામાં આવ્યા છે. શિરોમણી અકાલી દળના નેતાઓએ મજીઠિયાના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સામાન્ય ઝપાઝપી બાદ તેમને પાછા ધકેલી દેવામાં આવ્યા હતા.

### EDના અમદાવાદ, સુરત, અને મુંબઈમાં દરોડાઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી) એ આજે સાયબર ફ્રોડ મારફત લોકો સાથે રૂ. ૧૦૦ કરોડથી વધુની છેતરપિંડી મામલે ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ સ્થળો પર દરોડા પાડ્યા હતાં. ઈડીની અમદાવાદ ઝોનલ ઓફિસે આજે વહેલી સવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ સાયબર ક્રાઈમના આરોપસર અમદાવાદ અને સુરતમાં જુદી જુદી વ્યક્તિઓની ઓફિસ-નિવાસ સ્થાને દરોડા પાડ્યા હતાં. આ સિવાય મહારાષ્ટ્રના મુંબઈમાં પણ ઈડીએ કાયદેસરની કાર્યવાહી કરી હોવાના અહેવાલ છે. ગુજરાત પોલીસે મકબુલ ડોક્ટર, કાશિફ ડોક્ટર, બસમ ડોક્ટર, મહેશ મફતલાલ દેસાઈ અને માઝ અબ્દુલ રહીમ નડા સહિત અન્ય વિરૂદ્ધ સાયબર ફ્રોડની PMLA ફરિયાદ નોંધી હતી. જેના આધારે ઈડીએ દરોડા પાડ્યા હતાં. સાયબર ફ્રોડના આરોપીઓએ ડમી કેવાયસી ડોક્યુમેન્ટના આધારે બેનેક એકાઉન્ટ ખોલાવ્યા હતાં.

### ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈક સ્પર્ધામાં નીરજે ગોલ્ડ મેડલ જીત્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતના ગોલ્ડન બોય નીરજ ચોપરાએ શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે ગોલ્ડન સ્પાઈક મીટ ૨૦૨૫નો ખિતાબ જીત્યો છે. યુરોપિયન દેશ ચેક રિપબ્લિકમાં આયોજિત ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈકમાં ગોલ્ડ મેડલ જીતીને નીરજ ચોપરાએ વધુ એક આંતરરાષ્ટ્રીય ભાલા ફેંક સ્પર્ધામાં દેશનું નામ રોશન કર્યું છે. નીરજે ત્રીજા રાઉન્ડમાં ૮૫.૨૯ મીટર દૂર ભાલો ફેંક્યો હતો, જેને કોઈ અન્ય ખેલાડી પાર કરી શક્યો ન હતો. પેરિસ ડાયમંડ લીગ જીત્યાના માત્ર ચાર દિવસ પછી, નીરજે ૨૪ જૂને યોજાયેલી આ સ્પર્ધામાં ૮૫.૨૯ મીટર દૂર ભાલો ફેંકીને એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો. આ સ્પર્ધા વર્લ્ડ એથ્લેટિક્સ સબકોન્ટિનેન્ટલ ટૂરની ગોલ્ડ લેવલ ટુર્નામેન્ટ હતી.

### આ તો કોઈને ઊંડા સમુદ્રમાં ધકેલવા જેવું...

# પહેલી ટેસ્ટ મેચ હારતાં જ ગિલની વહારે ગૌતમ ગંભીર

## ગૌતમ ગંભીરે કહ્યું કે, જુઓ, કેપ્ટન તરીકે આ ગિલની પહેલી ટેસ્ટ મેચ છે, સ્વાભાવિક રીતે નર્વસનેસ રહે છે

। (એજન્સી) લીડ્સ, તા.૨૫ ।

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે બધાને ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલને સમય આપવા માટે વિનંતી કરી છે. ગિલે હેડિંગ્લેમાં સીરિઝની પહેલી મેચમાં ઈંગ્લેન્ડ સામે કેપ્ટનશીપ ડેબ્યૂ કર્યું હતું. આ મેચમાં ટીમ ઈન્ડિયાને પાંચ વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો છે. શુભમન ગિલની કેપ્ટન તરીકે શરૂઆત સારી ન રહી. ભારતના ટેસ્ટ કેપ્ટન તરીકેનો તેનો સમયગાળો હારના કડવા સ્વાદ સાથે શરૂ થયો. જોકે, તેની ટીમે મોટાભાગની મેચ દરમિયાન ઈંગ્લેન્ડ પર દબદબો બનાવી રાખ્યો હતો. હેડ કોચે કહ્યું કે, આ તો કોઈને ઊંડા



સમુદ્રમાં ધકેલી દેવા જેવું છે, પરંતુ મને વિશ્વાસ છે કે તે તેમાંથી બહાર આવશે. ભારતીય ટીમ આ મેદાન પર ૨૦૦૨ પછી પોતાની પહેલી જીતની તલાશમાં હતી. આ મેચમાં ભારત તરફથી પાંચ સદી જોવા મળી હતી. જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ પણ ઝડપી, પરંતુ ટીમને જીત ન મળી. આ જ કારણ હતું કે, શુભમન ગિલ કેપ્ટનશીપની સારી શરૂઆત ન કરી શક્યો. મેચ પછી ગૌતમ ગંભીરે પ્રેસને સંબોધિત કરતા કહ્યું કે, 'જુઓ, કેપ્ટન તરીકે આ તેની પહેલી ટેસ્ટ મેચ છે. સ્વાભાવિક રીતે નર્વસનેસ રહે છે. આ એક મોટું સન્માન છે. જેમ તેણે પહેલાથી જ ઉલ્લેખ કર્યો છે, ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ કરતી વખતે ઘણા લોકોને આવી તક નથી મળતી અને તેણે શાનદાર પ્રદર્શન કર્યું. તેના કરતા પણ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, મને લાગે છે કે જેવી રીતે તેણે પહેલી ઈનિંગમાં બેટિંગ કરી. મને ખાતરી છે કે, તેને પહેલી વાર કેપ્ટન બન્યા પછી અને પછી સદી ફટકારીને થોડું સારું લાગ્યું હશે.' ગૌતમ ગંભીરે આગળ કહ્યું કે, તેથી એક સફળ કેપ્ટન બનવા માટે જે કંઈ પણ જોઈએ તેના માટે આપણે તેને સમય આપવો પડશે. આપણે હજુ ખૂબ જ શરૂઆતના તબક્કામાં છીએ અને તે પહેલી વાર કેપ્ટનશીપ કરી રહ્યો છે. મને ખાતરી છે કે તે વધુ શ્રેષ્ઠ થવા જઈ રહ્યો છે. આ ઉપરાંત આ સ્થાન (ઈંગ્લેન્ડ) કેપ્ટનશીપ માટે મુશ્કેલ સ્થાન છે. તે કોઈને ઊંડા સમુદ્રમાં ધકેલી દેવા જેવું છે અને મને ખાતરી છે કે તે એક પ્રોપર પ્રોફેશનલ તરીકે તેમાંથી બહાર આવશે. બીજી મેચ એન્ડરસન-તેંડુલકર ટ્રોફી ૨ જુલાઈથી રમાશે.

## પહેલી ટેસ્ટમાં હાર બાદ કેપ્ટન શુભમન ગિલ થયો ગુસ્સે

। (એજન્સી) લીડ્સ, તા.૨૫ ।

ઈંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટમાં પાંચ વિકેટથી મળેલી હાર બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે સ્વીકાર્યું કે નીચલા ક્રમના બેટ્સમેનોની રન બનાવવામાં અસમર્થતા હારનું મુખ્ય કારણ હતું. ઉપ-કપ્તાન ઋષભ પંતે બંને ઈનિંગ્સમાં સદી ફટકારી હતી જ્યારે ગિલ, યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે પણ સદી ફટકારી હતી, પરંતુ ભારત બંને ઈનિંગ્સમાં અપેક્ષિત મોટો સ્કોર કરી શક્યું ન હતું અને ઘણા મહત્વપૂર્ણ કેચ પણ છોડવામાં આવ્યા હતા. પ્રથમ ઈનિંગમાં ત્રણ વિકેટે ૩૫૯ રનના સ્કોર બાદ આખી ટીમ ૪૭૧ રનમાં આઉટ થઈ ગઈ હતી. બીજી ઈનિંગમાં પણ છેલ્લી છ વિકેટ ૭૭ રનની અંદર પડી ગઈ હતી. મેચ પછી ગિલે કહ્યું કે આ એક શાનદાર ટેસ્ટ મેચ હતી. અમારી પાસે તકો હતી પણ અમે કેચ છોડી દીધા અને નીચલા ક્રમમાંથી પણ રન બન્યા નહીં, પરંતુ મને ટીમ પર ગર્વ છે અને એકંદરે તે એક સારો પ્રયાસ હતો. ગઈકાલે અમે લગભગ ૪૩૦ રન બનાવ્યા બાદ ઈનિંગ્સ ડિકલેર કરવાનું વિચારી રહ્યા હતા.

### પેટાચૂંટણીમાં હારતાં કોંગ્રેસમાં ઘમસાણ

# લુધિયાણામાં પેટાચૂંટણીમાં કારમી હાર બાદ પાર્ટીના બે મોટા નેતાએ રાજીનામું ધર્યું

## રાજીનામા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી સંગઠન મહાસચિવ કે. સી. વેણુગોપાલ અને પંજાબ પ્રભારી ભૂપેશ બઘેલને મોકલી દીધા છે

। (એજન્સી) લુધિયાણા, તા.૨૫ ।

લુધિયાણા પશ્ચિમ વિધાન સભા બેઠક પર થયેલી પેટાચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસમાં જૂથવાદની ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે, પ્રદેશ પ્રમુખે તેને સંપૂર્ણપણે નકારી કાઢ્યું હોવા છતાં પંજાબ કોંગ્રેસમાં બળવાના સૂર સંભળાઈ રહ્યા છે. મંગળવારે પાર્ટીના બે વરિષ્ઠ નેતાઓ પરગટ સિંહ અને કુશલદીપ સિંહ ઢિલ્લોને પંજાબ કોંગ્રેસના ઉપપ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના રાજીનામા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને પંજાબ પ્રભારી ભૂપેશ બઘેલને મોકલી દીધા છે. બંને નેતાઓએ પાર્ટીની તાજેતરની હાર માટે સામૂહિક આત્મમંથનની માગ કરી છે અને પ્રદેશ કોંગ્રેસ સંગઠનના પુનર્ગઠનની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. જોકે, બંને નેતાઓએ આ ઘટનાક્રમ પર કોઈ



ઔપચારિક ટિપ્પણી નથી કરી. રાજીનામા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને પંજાબ પ્રભારી ભૂપેશ બઘેલને મોકલી દીધા છેઆ સમગ્ર મામલે જ્યારે પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારિંગને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'મને કોઈ રાજીનામું નથી મળ્યું. આ મામલો પાર્ટી હાઈકમાન્ડે જોવાનો છે.' તમને જણાવી દઈએ કે, આના એક દિવસ પહેલા જ લુધિયાણા બેઠક પરથી પેટાચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર ભરત ભૂષણ આશુએ પેટાચૂંટણીમાં હારની નૈતિક જવાબદારી લેતા પ્રદેશ કાર્યકારી પ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પરગટ સિંહ અને ઢિલ્લોને આ હારને વ્યક્તિગત નહીં પરંતુ સામૂહિક નિષ્ફળતા ગણાવી હતી અને પક્ષની અંદર પ્રામાણિક આત્મનિરીક્ષણની માગ કરી હતી. તમને જણાવી દઈએ કે, પાર્ટી અધ્યક્ષ વારિંગ અને વિધાનસભામાં વિપક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવા મોટાભાગના પ્રચાર દરમિયાન મેદાનમાંથી ગાયબ રહ્યા હતા અને માત્ર છેલ્લા તબક્કામાં જ નજર આવ્યા હતા. બીજી તરફ આશુએ પ્રચાર માટે પોતાની પસંદગીની ટીમ પસંદ કરી હતી, જેમાં પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની, રાણા ગુરજીત સિંહ, પરગત સિંહ જેવા નેતાઓ સામેલ હતા. રાણા ગુરજીત સિંહ અગાઉ પણ વારિંગને સ્વાર્થી નેતા ગણાવી ચૂક્યા છે અને પ્રદેશ અધ્યક્ષ બનવાની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે.

## આપણે ઇમરજન્સી જેવા કાળા અધ્યાયને ક્યારેય ન ભૂલવો જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

નવી દિલ્હીમાં આયોજિત એક સેમિનારમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈમરજન્સીના ૫૦ વર્ષ પૂર્ણ થતા પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે આ ક્ષણને દેશના લોકતાંત્રિક ઈતિહાસની મહત્વની ક્ષણ ગણાવતા કહ્યું કે, "જ્યારે કોઈ પણ સારી કે ખરાબ ઘટનાને ૫૦ વર્ષ થઈ જાય છે, ત્યારે લોકો તેને ભૂલવા લાગે છે. યાદશક્તિ ઝાંખી પડી જાય છે, પરંતુ આપણે ઈમરજન્સી જેવા કાળા અધ્યાયને ક્યારેય ન ભૂલવો જોઈએ." અમિત શાહના જણાવ્યા અનુસાર, આ ઈમરજન્સીના સમયની લડાઈ જ હતી કે જેણે ભારતમાં લોકતંત્રને જીવંત રાખ્યું અને એ દર્શાવ્યું કે ભારતની જનતા ક્યારેય તાનાશાહીને સ્વીકારતી નથી. અમિત શાહે કહ્યું કે, ઈમરજન્સી દરમિયાન માત્ર લોકતંત્રનું ગળું જ ન હતું દબાવવામાં આવ્યું, પરંતુ હજારો પરિવારોનું જીવન પણ પ્રભાવિત થયું હતું. તેમણે કહ્યું, "અનેક કારકિર્દીઓ બરબાદ થઈ ગઈ, લોકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા અને અભિવ્યક્તિની આઝાદી છીનવી લેવામાં આવી." અમિત શાહે જણાવ્યું કે, ગૃહ મંત્રાલયે ગયા વર્ષે ૨૫ જૂનને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે મનાવવા નોટિફિકેશન જાહેર કર્યું હતું, જેથી નવી પેઢીને આ કાળા અધ્યાયની જાણકારી રહે.

### એર ઈન્ડિયાએ આપ્યા રાહતના સમાચાર

# મોટાભાગની ફ્લાઈટ્સને ફરીથી શરૂ કરવાનો નિર્ણય

## એર ઈન્ડિયાની યૂરોપ માટે પહેલા રદ કરવામાં આવેલી ફ્લાઈટ્સ પણ આજથી ફરી શરૂ કરવામાં આવી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

એર ઈન્ડિયાએ તેના પેસેન્જર્સને રાહતની ખબર આપી છે. એર ઈન્ડિયાએ મિડલ ઈસ્ટના કેટલા ભાગો માટે ધીરે-ધીરે પોતાની ફ્લાઈટ્સ ફરીથી શરૂ કરવાની વાત કરી છે. વાસ્તવમાં, મિડલ ઈસ્ટમાં એર સ્પેસ ખુલ્યા બાદ એર ઈન્ડિયાએ ૨૫ જૂનથી તેની મોટાભાગની ફ્લાઈટ્સને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આટલું જ નહીં, યૂરોપ માટે પહેલા રદ કરવામાં આવેલી ફ્લાઈટ્સ પણ આજથી ફરી શરૂ કરવામાં આવી રહી છે. આ સાથે, અમેરિકા અને કેનેડા માટે ફ્લાઈટ્સ પણ શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવામાં આવશે. જો કે, કેટલીક ફ્લાઈટ્સ વિલંબ કે રદ થવાની શક્યતા છે. કારણ કે, લાંબો રસ્તો અને ઉડાન સમયમાં ફેરફારના કારણે કેટલીક મુશ્કેલીઓ આવી શકે છે. પરંતુ, એર ઈન્ડિયાએ તેના પેસેન્જર્સને વિશ્વાસ અપાવ્યો છે કે, તે આ સમસ્યાઓ ઘટાડવા અને તેના શિડ્યુલને વહેલી તકે પૂરી રીતે સામાન્ય કરવાના પ્રયત્નો કરી રહ્યું છે. એરલાઈન્સે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, તે એવા એર સ્પેસથી દૂર રહેશે જે અસુરક્ષિત માનવામાં આવી રહ્યા છે. સાથે જ, એર ઈન્ડિયાએ તેના પેસેન્જર્સને અપીલ કરી છે કે, તેઓ આ સ્થિતિમાં ધીરજ જાળવી રાખે. એરલાઈન્સનું કહેવું છે કે, તેઓ તેમના પેસેન્જર્સ, ક્રૂ અને એરક્રાફટની સુરક્ષાને સૌથી વધારે મહત્વ આપે છે. તેઓ કોઈપણ પ્રકારનું જોખમ નથી લેવા માંગતા. પેસેન્જર્સને તરત જ કોઈપણ અપડેટ કે ફેરફારની જાણકારી આપવામાં આવશે, જેથી તેમને ટ્રાવેલમાં મુશ્કેલી ન થાય. ઉલ્લેખનીય છે કે, એર ઈન્ડિયાના આ પગલાથી તે હજારો યાત્રીકોને રાહત મળશે, જે મિડલ ઈસ્ટ, યૂરોપ, અમેરિકા અને કેનેડાની યાત્રા કરવા માંગે છે. ખાસ કરીને તેવા લોકો માટે ખુશખબરી છે, જેઓ પોતાના પરિવાર સાથે વિદેશોમાં ફસાયેલા છે.

### પાકિસ્તાની સંસદમાં મેજર શાહને શ્રદ્ધાંજલિ અપાઈ

# વિંગ કમાન્ડર અભિનંદનને પકડનાર પાક.ની અધિકારી તાલિબાની હુમલામાં ઠાર મરાયો

## પાકિસ્તાની તાલિબાનના હુમલામાં મેજર મોઇઝ અબ્બાસ શાહનું મૃત્યુ ટીટીપી દ્વારા કરવામાં આવેલા હુમલામાં થયું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૫ ।

વર્ષ ૨૦૧૯માં બાલાકોટ હવાઈ હુમલા દરમિયાન ભારતીય વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને પકડનાર પાકિસ્તાની અધિકારીનું અવસાન થયું છે. પાકિસ્તાની તાલિબાનના હુમલામાં મેજર મોઈઝ અબ્બાસ શાહનું મૃત્યુ દક્ષિણ વઝીરિસ્તાનના સરૌધામાં ટીટીપી (તહરીક-એ-તાલિબાન-પાકિસ્તાન) દ્વારા કરવામાં આવેલા હુમલામાં થયું હોવાના અહેવાલ છે. મેજર શાહ વિંગ કમાન્ડર વર્ધમાનને પકડ્યા પછી ચર્ચામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈન્ટર સર્વિસ પબ્લિક રિલેશન્સે એક નિવેદન બહાર પાડ્યું હતું કે, '૨૪ જૂન ૨૦૨૫ના રોજ, સુરક્ષા દળોએ દક્ષિણ વઝીરિસ્તાન જિલ્લાના સરૌધા વિસ્તારમાં એક ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં મેજર મોઈઝ અબ્બાસ શાહ અને લાન્સ નાયક જિબ્રાન માર્યા ગયા હતા. તેમજ પાકિસ્તાની સેનાએ ૧૧ TTPના સભ્યોનું એન્કાઉન્ટર કર્યું હતું.' બુધવારે પાકિસ્તાની સંસદમાં પણ મેજર શાહને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેઓ પાકિસ્તાનના ચકવાલના રહેવાસી હતા અને SSG એટલે કે સ્પેશિયલ સર્વિસ ગ્રુપનો ભાગ હતા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ જ્યારે જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ CRPFના કાફલાને નિશાન બનાવ્યો.


**પશ્ચિમ રેલ્વે અમદાવાદ વિભાગ**

**જરૂરી સીએન્ડડબલ્યુ જરૂરિયાતો સાથે જોડાણમાં વિદ્યુત કાર્ય અને આરઓ પ્લાન્ટ પૂરો પાડવા**

**ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક:** Sr.DEE/ADI/11 (25-26) તારીખ: ૨૫-૦૬-૨૦૨૫. **ટેન્ડર ક્રમાંક:** EL-50-1-ADI-T-12- 2025-26 **કાર્યનું નામ:** વડનગર ખાતે ટ્રેન જાળવણી માટે આવશ્યક સીએન્ડડબલ્યુ જરૂરિયાતો સાથે સંબંધિત વિદ્યુત કાર્ય અને અમદાવાદ વિભાગના વિવિધ સ્થળોએ સ્ટાફ કોલોની માટે પીવાના પાણી માટે આરઓ પ્લાન્ટ પૂરો પાડવા. **અંદાજિત કિંમત:** રૂ. ૫૦,૪૧,૪૦૮/- **બાનાની રકમ:** રૂ. ૧,૦૦,૮૦૦/- **સબમિશન અને ખુલવાનો સમય અને તારીખ:** ૨૨-૦૭-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક અને ૨૨-૦૭-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાક સુધીમાં નહીં. **કાર્યાલયનું સરનામું અને વેબસાઈટની વિગતો:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતો:** www.ireps.gov.in

ADI-087

અમને અહીં ફોલો કરો: X x.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે અમદાવાદ વિભાગ**

**વેગનોના દરવાજા બંધ કરવા/ ઓછી ઊંચાઈના દરવાજા લગાવવા**

નીચેના કામ માટે લાયક કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. **ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક:** DRM (M) ADI/08/2025-26 તારીખ: 23-06-2025 **ટેન્ડર ક્રમાંક:** M/443/C&W/ 2024-25/DOOR/03 **કાર્યનું નામ:** C&W ડેપો, ગાંધીધામ, અમદાવાદ વિભાગ હેઠળ રેલવેની માલિકીના ૩૦૦ નંગ વેગનમાં તમામ પ્રકારના BOXN અને BOXNHL વેગનના દરવાજા બંધ કરવા / ઓછી ઊંચાઈવાળા દરવાજા લગાવવા માટેનો કરાર. **કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૧,૨૪,૩૦,૦૯૭.૦૦/- (રૂપિયા એક કરોડ ચોવીસ લાખ ત્રીસ હજાર સત્તાણું માત્ર) **બિડ સિક્યોરિટી (જમા રકમ ડિપોઝિટ):** રૂ. ૨,૧૨,૨૦૦/- (રૂપિયા બે લાખ બાર હજાર બસો માત્ર) **ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** તારીખ: ૧૫/૦૭/૨૦૨૫ બપોરે ૧૫:૦૦ વાગ્યે ટેન્ડર બંધ થશે અને તારીખ: ૧૫/૦૭/૨૦૨૫ બપોરે ૧૫:૩૦ વાગ્યે. ટેન્ડર ખોલવામાં આવશે. **વેબસાઈટ વિગતો: નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ માહિતી જોઈ શકાય છે અને ટેન્ડર આમંત્રિત કરનાર અધિકારીના કાર્યાલયનું સરનામું: http://www.ireps.gov.in** ડિવિઝનલ રેલ્વે મેનેજર (મિકેનિકલ), (વેસ્ટર્ન રેલ્વે), બીજો માળ, મિકેનિકલ શાખા, ચામુંડા બ્રિજ પાસે, નરોડા રોડ, પોસ્ટ - સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૫

ADI-083

અમને અહીં ફોલો કરો: X x.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે અમદાવાદ વિભાગ**

**ટ્રેન શોધ પ્રણાલીમાં વિશ્વસનીયતા સુધારણા સાથે જોડાણમાં સિગ્નલિંગ કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા DRM/S અને T ટેન્ડર નંબર DRM- SnT- ADI-Sig 11 ઓફ 2025-26 સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અંતિમ તારીખ ૨૨-૦૭-૨૦૨૫, ૧૫:૦૦ બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. ટેન્ડર નંબર **DRM-SnT- ADI-Sig 11 ઓફ 2025-26** (૧) **કાર્યનું નામ:** ગેરાતપુર (ભૂતપૂર્વ)- અમદાવાદ વિભાગમાં ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે MSDAC અને વેલ્ડેડ-લેસ ટ્રેક પ્રદાન કરીને ટ્રેન શોધ સિસ્ટમની વિશ્વસનીયતા સુધારણાના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો. (૨) **કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૭,૧૫,૪૪,૦૦૬.૦૧/- (રૂપિયા સાત કરોડ પંદર લાખ ચુમ્માલીસ હજાર છ રૂપિયા અને એક પૈસા માત્ર) (૩) **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ. ૫,૦૭,૭૦૦/- (રૂ. પાંચ લાખ સાત હજાર સાતસો માત્ર) (૪) **ટેન્ડર બંધ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૨-૦૭-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં (૫) **ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI-084

અમને અહીં ફોલો કરો: X x.com/WesternRly

### ૫ લાખ સૂરતીઓ પૂરગ્રસ્ત

# ખાડીના નામે ખર્ચાયેલા ૪૦ કરોડ પાણીમાં, ભયાનક ખરાબ હાલત

## સુરતમાં ત્રીજા દિવસે નથી ઓસર્યા વરસાદના પાણી, સરથાણા, પર્વતગામ સહિતના વિસ્તારોમાં હજુ કેડસમા પાણી યથાવત

**। (એજન્સી) સુરત, તા.૨૫ ।**

સુરતમાં બીજા દિવસે પણ ખાડીપૂરની સમસ્યા યથાવત છે. સ્માર્ટ સિટીમાં પરિસ્થિતિ ઠેરની ઠેર છે. લોકોની હાલાકી યથાવત છે. આજે પણ સુરત ખાડીપૂરમાં ડૂબ્યું છે, અને સ્માર્ટ સિટીના સત્તાધીશો પાસે તેનું કોઈ સોલ્યુશ નથી તે સ્પષ્ટ દેખાય છે. સતત સાતમા વર્ષે ખાડીપૂર, ખાડીના ડ્રેજિંગ પાછળ ખર્ચેલા ૪૦ કરોડ પાણીમાં ગયા છે. ગત વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ખાડી નજીક બનાવ્યું હતું. સુરતના ખાડીની બંને બાજુ પર પડી રહેલી જમીનને કાયાકલ્પ કરીને સુરત મહાનગરપાલિકાએ શહેરના 'ગ્રીન લંગ્સ' તરીકે ઓળખાતા વાઈલ્ડ વેલી બાયોડાયવર્સિટી પાર્ક પ્રોજેક્ટના વિકાસની શૂરઆત કરી હતી. ચોમાસા દરમિયાન ખાડીઓમાં વરસાદી પાણી સંગ્રહ થાય છે. જેનાથી પાણીનો પુનઃઉપયોગ બાગકામ માટે થશે. ફાયટોરેમિડેશન ટેકનીક દ્વારા ખાડીનું પ્રદૂષણ ઓછું કરવામાં મદદરૂપ થશે. ખાડીની દુર્ગંધ દૂર કરવી અને ખાડીના જળ પ્રદૂષણમાં ઘટાડો કરવો પ્રોજેક્ટના મુખ્ય હેતુઓમાં સામેલ છે. પાર્કમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવશે, જેનો ઉપયોગ તળાવો ભરવા અને અન્ય ઉપયોગી હેતુઓ માટે થશે. જેવા અનેક કારણો સુરત પાલિકાએ આપ્યા હતા. ૧૫૦ કરોડ ખર્ચે તાજેતરમાં લોકાર્પણ કરાયેલા બાયોડાયવર્સિટી પાર્કમાં ખાડીના પાણી ફરી વળ્યાં હતાં, જેથી વોકિંગ ટ્રેક, ચિલ્ડ્રન પાર્ક, વિવિધ પ્લાન્ટ પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. એટલે કે, સુરત પાલિકાનું તમામ આયોજન ફેલ ગયું છે. સુરતમાં બે દિવસથી પડેલાભારે વરસાદે સીમાડા ખાડી ઓવર ફ્લો થઈ ગઈ છે. જેને પરિણામે લિંબાયત, વરાછા, સરથાણા, અઠવા ઝોનના ખાડી કિનારાના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતાં. હજી હમણા જ પાલિકાએ ખાડીઓના ડ્રેજિંગ પાછળ ૪૦ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા, જે પાણીમાં ગયા હોવાનું સીધેસીધું દેખાઈ રહ્યું છે. સણીયા હેમાદ ગામ આજે પણ પાણીમાં સંપૂર્ણ ગરકાવ છે. ગતરોજ ની સરખામણીએ બીજા દિવસે પાણીના જળ સ્તરમાં વધારો થયો છે. બીજા દિવસે પણ ખાડી પૂરના પાણી ભરાયેલા જોવા મળ્યા.

# ૭૮મી રાષ્ટ્રીય સ્વિમિંગ સ્પર્ધામાં અમદાવાદના આર્યનની જીત થઈ

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।**

ગુજરાતના ઉભરતા સ્વિમર આર્યન નેહરાએ ભુવનેશ્વર ખાતે યોજાયેલી ૭૮મી સિનિયર નેશનલ સ્વિમિંગ ચેમ્પિયનશિપ માં ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. અમદાવાદના આર્યને પોતાનું અસાધારણ કૌશલ્ય દેખાડી માત્ર ૩:૫૫.૯૬ મિનિટમાં આ સિદ્ધિ હાંસલ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જેના કારણે તે સિંગાપોર ખાતે આગામી સમયમાં યોજાનાર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આર્યનની ખાસ આ સિદ્ધિની વાત કરીએ તો, આ રેસમાં આર્યને લેન પમાં સફેદ કેપ પહેરીને સ્વિમિંગ કરી હતી. પહેલાં તે ૩૦૦ મીટરના તબક્કે પાંચમા સ્થાને હતા, પરંતુ અંતના ૧૦૦ મીટરમાં અવિશ્વસનીય રીતે ઝડપ પકડી અને શાનદાર ફિનિશિંગ સાથે રેસ જીતી લીધી હતી. આ જીતે તેમને આવતા મહિને સિંગાપોર ખાતે યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક અપાવી છે, જે ઓલિમ્પિક્સ પછીની વૈશ્વિક સ્તરે સૌથી મોટી સ્વિમિંગ ઈવેન્ટ છે. નોંધનીય છે કે, આર્યનની આ માત્ર પહેલી સિદ્ધિ નથી, તેણે આ પહેલાં ૨૦૨૩માં હૈદરાબાદ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં ૩:૫૨.૫૫નો નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો, જે ભારતીય તરવૈયા દ્વારા અત્યાર સુધીનો સૌથી ઝડપી સમય હતો. આ સિવાય તેણે ૨૦૨૩માં જ ૧૫૦૦મી અને ૮૦૦મીની સ્વિમિંગ કેટેગરીમાં પણ નેશનલ રેકોર્ડ્સ તોડ્યા હતા.

### રાજકોટમાં સોનાના ભાવમાં ૮૬૦ રૂપિયાનો ઘટાડો

# અમદાવાદમાં સોનાના ભાવમાં ૧૩૬૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો

## અમદાવાદમાં ગઈકાલે ૧ તોલા સોનાનો ભાવ ૧ લાખ ૫૮૦ રૂપિયા હતો જે આજે ઘટીને ૯૯,૨૨૦ રૂપિયા થઈ ગયો છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।**

રાજકોટમાં સોનાના ભાવમાં આજે ૮૬૦ રૂપિયાનો ઘટાડો થયો છે. ગઈકાલે ૧ તોલા સોનાનો ભાવ ૯૮,૩૨૦ રૂપિયા હતો. જે આજે ઘટીને ૯૭,૪૬૦ રૂપિયા થયો છે. ચાંદીના ભાવમાં ૮૩૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. ગઈકાલે ૧ કિલો ચાંદીનો ભાવ ૧ લાખ ૬ હજાર ૬૧૦ રૂપિયા પ્રતિ કિલો હતો. જે આજે ઘટીને ૧ લાખ ૫ હજાર ૭૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. અમદાવાદમાં સોનાના ભાવમાં ૧૩૬૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. ગઈકાલે ૧ તોલા સોનાનો ભાવ ૧ લાખ ૫૮૦ રૂપિયા હતો. જે આજે ઘટીને ૯૯,૨૨૦ રૂપિયા થઈ ગયો છે. ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ગઈકાલે ૧ કિલો ચાંદીનો ભાવ ૧ લાખ ૧૦ હજાર હજાર રૂપિયા પ્રતિ કિલો હતો. જે આજે ૧ લાખ ૯ હજાર રૂપિયા રહ્યો છે. દેશમાં સોનાના ભાવ અનેક પરિબળો પર આધાર રાખે છે, જેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની સ્થિતિ અને ચલણ વિનિમય દર મુખ્ય છે. વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં વધારો થતાં તેની અસર ભારતીય બજાર પર પણ પડે છે. ઉપરાંત, તહેવારોની મોસમમાં સોનાની માંગ વધતાં પણ ભાવમાં વધારો જોવા મળે છે. ૨૪ કેરેટ સોનાના આભૂષણોમાં ૯૯૯, ૨૩ કેરેટમાં ૯૫૮, ૨૨ કેરેટમાં ૯૧૬, ૨૧ કેરેટમાં ૮૭૫ અને ૧૮ કેરેટ શુદ્ધ સોના પર ૭૫૦ લખ્યું હોય છે. ૨૪ કેરેટ સોનું લગભગ ૯૯.૯% શુદ્ધ હોય છે જ્યારે ૨૨ કેરેટ સોનુ ૯૧ ટકા શુદ્ધ હોય છે. ૨૨ કેરેટ સોનામાં અન્ય ધાતુઓ મળે છે અને આભૂષણો બનાવવામાં આવે છે. તમામ આભૂષણો પર કેરેટ પ્રમાણે હોલમાર્કિંગ થાય છે.... ભારતમાં સોનાની કિંમત ઘણી બધી કારણોસર બદલાતી રહે છે, જેમ કે આંતરરાષ્ટ્રીય બજારના ભાવ, સરકારના ટેક્સ અને રૂપિયાની કિંમતમાં ઉતાર-ચઢાવ. સોનું માત્ર રોકાણનું માધ્યમ નથી, પરંતુ અમારી પરંપરાઓ અને તહેવારોનો પણ મહત્વનો ભાગ છે. ખાસ કરીને લગ્ન અને તહેવારોના સમયે તેની માંગ વધી જાય છે. જો તમે સોનાની શુદ્ધતા ચકાસવા માંગો છો તો BIS Care એપ્લિકેશનનો ઉપયોગ કરી શકો છો. આ એપ્લિકેશન મારફતે ગ્રાહકો સોનાની શુદ્ધતાની ચકાસણી કરી શકે છે.

### આરોપીએ તમામ લોનની પણ ચૂકવણી કરવાનો વાયદો કર્યો હતો

# ટ્રાન્સપોર્ટના ધંધામાં મબલખ કમાણીની લાલચ આપી ૭૮.૯૬ લાખની ઠગાઇ

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।**

ભારતની એક જાણીતી કંપનીમાં જનરલ મેનેજર તરીકે કામ કરતા વ્યક્તિ સાથે પૂર્વ પાડોશીએ જ છેતરપિંડી આચરી છે. આરોપીએ ટ્રાન્સપોર્ટના ધંધામાં આર્થિક મદદ માગીને મહિને એક લાખ કમાવી આપ વાની અને તમામ લોન ભરપાઇ કરવાની લાલચ આપીને મોટી રકમ મેળવી હતી. આરોપીએ ભોગ બનનારની સાથે નોકરી કરતા લોકો પાસેથી પણ નાણાં લઈને કુલ રૂ. ૭૮.૯૬ લાખની ઠગાઇ આચરી હતી. આ મામલે આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. થલતેજમાં રહેતા ચંદ્રેશભાઇ ગજ્જર જાણીતી કંપનીના કોર્પોરેટ હાઉસમાં જનરલ મેનેજર છે. અગાઉ તેમની સોસાયટીમાં રહેતા વિનોદ વાળંદે પોતે ટ્રાન્સપોર્ટનો ધંધો કરતો હોવાનું કહીને ચંદ્રેશભાઇ પાસે ઉછીના નાણાં લીધા હતા.

## વડોદરામાં સતત બીજા દિવસે સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

**। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।**

વડોદરામાં સતત બીજા દિવસે શાળાને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી છે. મંગળવારે રિફાઈનરી ગુજરાત બોર્ડ સ્કૂલને બોમ્બથી ઉડાડી દેવાનો ધમકીભર્યો મેઈલ મોકલવામાં આવ્યો હતો. આ અંગેની જાણ થતાં પોલીસ, બોમ્બ સ્ક્વૉડ, ડૉગ સ્ક્વૉડ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. પોલીસ ફોર્સ દ્વારા શાળામાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યુ હતું.

### રથયાત્રા પહેલા ભગવાન મોસાળથી પરત આવ્યા

# વૈદિક મંત્રોચ્ચાર સાથે જ ભગવાન જગન્નાથની નેત્રોત્સવ વિધિ સંપન્ન

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।**

શહેરમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા ૨૭મી જુલાઈએ શુક્રવારે નીકળવાની છે. તે પહેલા આજે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામની નેત્રોત્સવ વિધિ કરવામાં આવી છે. ભગવાન જગન્નાથની નેત્રોત્સવ વિધિની સાથે ગજરાજ પૂજન પણ કરાવવામાં આવ્યું છે. આજે ત્રણેય ભાઈ-બહેનોના આંખે પાટા બાંધવામાં આવ્યા છે. આ પાટા અષાઢી બીજે રથયાત્રાના આગમન પહેલાં મંગળા આરતીના સમયે ખોલવામાં આવશે. પરંપરા અનુસાર, મોસાળમાંથી ઘરે આવેલા ત્રણેય ભાઈ-બહેનને આંખ આવતાં તેમની આંખે પાટા બાંધવામાં આવે છે. આ વિધિમાં સમિતિના ટ્રસ્ટી ઉપરાંત સંતો-મહંતોએ હાજરી આપી હતી. અમદાવાદમાં રથયાત્રાના ૧૫ દિવસ પહેલા ભગવાન પોતાના મોસાળમાં જાય છે અને તે દરમિયાન તે મામાના ઘરે મીઠાઈઓ અને જાંબુ વધારે પ્રમાણમાં આરોગે છે. જેના કારણે તેમની આંખો આવી જાય છે. અમાસને દિવસે ભગવાન જગન્નાથ મામાના ઘરેથી નિજ મંદિર પરત ફરે છે. તેમને આંખ આવેલી હોવાથી આરામ મળે તે માટે તેમની આંખો પર પાટા બાંધી દેવામાં આવે છે. જેથી ભગવાનને મંદિરમાં પ્રવેશ પછી તેમની આંખો પર પાટા બાંધી રાખવામાં આવે છે. આ વિધિને નેત્રોત્સવ વિધિ કહેવામાં આવે છે.

### ગુજરાતમાં વરસાદથી ચારેતરફ તબાહી

# સુરત બાદ હવે નર્મદા જિલ્લાનો વારો, ૮ ઈંચથી તારાજી સર્જાઇ

**। (એજન્સી) નર્મદા, તા.૨૫ ।**

ગુજરાતમાં એન્ટ્રી થતા જ ચોમાસાએ જમાવટ કરી છે. પહેલા ભાવનગર અને હવે સુરતને બરાબરનું ધમરોળ્યું છે. છેલ્લાં ૨૪ કલાકના અપડેટની વાત કરીએ તો, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં સૌથી વધુ ૮ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો. આજે સવારે ૬ થી ૧૦ કલાક સુધીમાં રાજ્યમાં નર્મદા જિલ્લાના સાગબારા અને તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો. સુરતમાં ખાડીના પાણી શહેરના વિસ્તારોમાં હજુ પણ પાણી ઓસર્યા નથી. પર્વત ગામનું ગીતાનગર હજી પણ પાણીમાં ગરકાવ છે. ૪૮ કલાક થઈ ગયા પાણી ઘટવાને બદલે વધ્યું છે. આ કારણે લોકો પોતાના જ ઘરમાં કેદ થયા છે. ઘરની બહાર રહેલા વાહનો પણ પાણીમાં ગરકાવ થયા છે. હજુ કોઈ તંત્રની ટીમ હાજર જોવા નથી મળી. ખાડી પાણી નહિ ભરાય તેવા મોટા મોટા દાવા કરવાર મનપા પણ ફેલ ગયું છે.

